યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૧, અંક - ૫ જૂન - ૨૦૧૪

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## મંત્રનું રહસ્ય

મંત્ર એ જાજ્વલ્યમાન તેજનો સમૂહ છે. તે અમુક પ્રકારના વિચારોનું આંદોલન ઊભું કરી મનના પદાર્થમાં ફેરફાર કરી નાખે છે. મંત્રના ઉચ્ચારણથી ઉત્પન્ન થતા લયાત્મક આંદોલનથી પંચકોષનાં અસ્થિર આંદોલનો નિયમનમાં આવે છે. પદાર્થો પાછળ દોડવાની મનની નૈસર્ગિક વૃત્તિને તે સંયમમાં આણે છે તે સાધનાશક્તિમાં મદદ કરે છે અને જ્યારે તે શક્તિ અપૂર્ણ હોય છે, અગર વિઘ્નોથી ઘેરાયેલી હોય છે ત્યારે તેમાં જોમ આપે છે. મંત્રશક્તિ સાધનાશક્તિને સમર્થન આપે છે. જ્યારે ચૈતન્ય જાગે છે ત્યારે દૈવી સિદ્ધિઓ પણ જાગ્રત થાય છે.

- સ્વામી શિવાનંદ



પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનો ૭૦મો પ્રાગટ્યોત્સવ,
ભક્તો દ્વારા અભિવાદન, તા. ૩-૫-૨૦૧૪



ભગવાનશ્રી વિશ્વનાથ મહાદેવના ૨૦મા પાટોત્સવનું દર્શન, તા. ૨૦-૫-૨૦૧૪



૩૨મો યોગશિક્ષક તાલીમ શિબિર, મે -૨૦૧૪

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૧ અંક : ૫ જૂન-૨૦૧૪



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)
ડૉ. મફતભાઈ જે. પટણી
શ્રીમતી રૂપા મજમુદાર

○

તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી



**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |

**વિદેશ માટે (એર મેઈલ)**

| | | |
|---|---|---|
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

कारणं व्यतिरेकेण पुमानादौ विलोकयेत् ।
अन्वयेन पुनस्तद्धि कार्ये नित्यं प्रपश्यति ॥
कार्ये हि कारणं पश्येत्पश्चात्कार्यं विसर्जयेत् ।
कारणत्वं ततो गच्छेदवशिष्टं भवेन्मुनिः ॥
भावितं तीव्रवेगेन यद्वस्तु निश्चयात्मना ।
पुमांस्तद्धि भवेच्छीघ्रं ज्ञेयं भ्रमरकीटवत् ॥

**अपरोक्षानुभूतिः १३८, १३९, १४०**

પ્રથમ પુરુષ (કાર્યના) ત્યાગ વડે (માત્ર) કારણનો વિચાર કરે. પછી તેને જ (તે કારણને જ) કાર્યમાં સર્વદા વ્યાપેલું સારી રીતે જુએ છે.

(પ્રથમ) કાર્યમાં કારણ (વ્યાપેલું છે એમ) વિચાર કરે. પછી કાર્યને અંતઃકરણની વૃત્તિમાંથી) દૂર કરી નાંખે. પછી (કાર્યનો ત્યાગ થવાથી) કારણપણું (એની મેળે) જતું રહે છે, (કાર્યકારણભાવ જવાથી) મનન કરનાર (પુરુષ) બાકી રહેલ (સચ્ચિદા નંદરૂપ બ્રહ્મ) બને છે.

નિશ્ચયયુક્ત બુદ્ધિવાળાએ વસ્તુ તીવ્ર વેગથી ચિંતન કરેલી હોય તે જ પુરુષ ભ્રમર કીટની જેમ જાણવા યોગ્ય (બ્રહ્મરૂપ) શીઘ્ર બની જાય છે.

## શિવાનંદ વાણી

### • સાધનાના આધારસ્તંભો •

૧. ભાવ સહિત આનું સતત સ્મરણ કરતાં રહેવું. **બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા.**
એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે. જગત અસત્ય છે. આનાથી તમારામાં આધ્યાત્મિક બળ અને શાંતિનો સંચાર થશે.

૨. **જગત એક લાંબું સ્વપ્ન છે, જે કેવળ દુઃખોથી પૂર્ણ છે.**
આથી વૈરાગ્યની વૃદ્ધિ થશે તેમ જ અનેક ચિંતાઓ દૂર થશે.

૩. **''આ'' બધું પણ ચાલ્યું જશે.**
આથી વૈરાગ્ય વધશે. ''આ''ની અંદર સૌભાગ્ય (સંપત્તિ) તેમ જ દુર્ભાગ્ય (વિપત્તિ) એ બંનેનો સમાવેશ થાય છે. આથી તમે સુખ તેમ જ દુઃખમાં મનનું સમત્વ ટકાવી રાખશો.

૪. **તારી (પરમાત્માની) જ ઈચ્છા પ્રમાણે થશે.** આ વિચાર શોક-દુઃખને દૂર કરશે તથા અહંકારનો નાશ કરશે.

૫. **ઈશ્વરકૃપાથી હું દિનપ્રતિદિન સર્વ પ્રકારે સારો બનતો જાઉં છું.** આથી શક્તિ મળશે અને અનેક રોગ દૂર થશે.

૬. **હું તેની (પરમાત્માની) સત્તાને અનુભવી રહ્યો છું.** આથી જલદી બળ અને પ્રેરણાની પ્રાપ્તિ થશે.

૭. **હું સર્વસ્વ છું. હું સર્વોપરી છું. હું સર્વ સાથે એક છું.**
આ વેદાંતની ભાવના છે. આથી તમારું હૃદય વિકસિત થશે ને એકતાની વૃદ્ધિ થશે.

૮. **તું સર્વ કાંઇ છે. હું તારો છું. સર્વ તારું જ છે.** આ ભક્તની ભાવના છે. આથી મમતા તથા અહંતા નાશ પામશે, જેને પરિણામે આત્માર્પણ તથા ઈશ્વરસાક્ષાત્કારની પ્રાપ્તિ થશે.

૯. **અહમ્ બ્રહ્માસ્મિ. પ્રજ્ઞાનમ્ બ્રહ્મ. તત્ ત્વમસિ. અયમાત્મા બ્રહ્મ.**
જો તમે આમાંથી કોઇ પણ એક સૂત્રને સદા ચિંતનમાં રાખશો તો બ્રહ્મસ્વરૂપ બનવામાં સહાય મળશે.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


૧. શ્લોક - અપરોક્ષાનુભૂતિ — શ્રીમદ્ આદિ શંકરાચાર્ય......... ૩
૨. અનુક્રમ, તહેવાર સૂચિ — ............................ ૪
૩. સંપાદકીય — તંત્રી........................ ૫
૪. આનંદ કુટીરનો સાદ — ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી.... ૬
૫. મહામંડલેશ્વર વિશ્વંભરભારતીબાપુ, જૂનાગઢ દ્વારા આશીર્વચન... ૭
૬. શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ દ્વારા પ્રવચનનો સાર ૮
૭. દૈનિક જીવનમાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું મહત્ત્વ — શ્રી સ્વામી ઊમેશ્વરદેવજી......... ૧૧
૮. ભાગવતમાં વેદાંત અને ભક્તિનો સંગમ — શ્રી અનન્તાનંદ તીર્થ માતાજી... ૧૫
૯. રામચરિતમાનસમાં ગુરુ-ભક્તિ - શ્રી દેવપ્રસાદ બાપુ........... ૧૯
૧૦. પાતંજલયોગસૂત્રનો દૈનિક જીવનમાં વિનિયોગ — શ્રી સ્વામી અસંગાનંદજી ......... ૨૪
૧૧. ગુરુમહિમા — ............................ ૨૮
૧૨. નિત્ય સ્વાધ્યાય — શ્રી સ્વામી ચિદાનંદજી.......... ૨૯
૧૩. વૃત્તાંત — ............................ ૩૦
૧૪. જાહેરાત — ............................ ૩૩


## તહેવાર સૂચિ

**જૂન - ૨૦૧૪**

| તા. | તિથિ (વૈશાખ સુદ) | |
|---|---|---|
| ૧ | ૨ | પૂજ્ય શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની સંન્યાસ દીક્ષા સંવત્સરી દિન |
| ૨ | ૩ | અખાત્રીજ |
| ૮ | ૯ | ગંગા દશહરા |
| ૯ | ૧૦ | એકાદશી (નિર્જળા) |
| ૧૦ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૧૨/૧૩ | ૧૩/૧૪ | પૂર્ણિમા |
| | **(વૈશાખ વદ)** | |
| ૨૩ | ૧૦ | એકાદશી |
| ૨૪ | ૧ | પ્રદોષ પૂજા |
| ૨૬/૨૭ | ૧૪/૩૦ | અમાવાસ્યા |

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**આત્મતત્ત્વની અનુભૂતિ :** તમે ઘોર અંધકારથી ઘેરાયેલા હો છતાં તમારું અંતર પ્રકાશિત હોઇ શકે. જો તમે એક સત્ય સ્પષ્ટપણે ઉજાસ તરીકે ઓળખ્યું હોય તો આ સત્ય છેઃ પરમાનંદ પ્રત્યેનો પથ 'હું -પણું' ટાળવાનો માર્ગ થઇ જાય છે. આ અહંના નાશથી જ ખરો 'હું'-આત્મા, જે શાશ્વત છે, તેની અનુભૂતિ થાય છે. 'હું' પણું છોડવાથી જ ખરો 'હું' 'આત્મા' ઓળખાય છે. જ્યાં સુધી તમે આ તત્ત્વ પીછાણ્યું નથી અને અહંને વળગી રહ્યા છો, જ્યાં સુધી અહંનું નિકંદન કાઢવા સંકલ્પ નથી કર્યો ત્યાં સુધી 'આત્મતત્ત્વ' તમારા માટે અજ્ઞાત રહેશે.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

પહેલી જૂન એટલે ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજનો સંન્યસ્ત દિવસ. તેઓ પોતાના તબીબી અભ્યાસ પછી મલેશિયા ગયેલા. ત્યાં રબર કંપનીની હોસ્પિટલોમાં સેવા કરતાં તેમને જણાયું કે લોકોનાં દુઃખનું કારણ અજ્ઞાન છે. પોતે તો તબીબ છે, તેથી દવા જ આપી શકે, પરંતુ તેટલું પૂરતું ન હતું. તેમને જણાયું કે મારે લોકોને જ્ઞાન આપવું જોઇએ અને જ્ઞાન આપવા માટે પહેલાં જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. આમ, તેમણે મલેશિયા છોડ્યું; મલેશિયા છોડીને તેઓ હિમાલયને ખોળે આવ્યા. પતીતપાવની ભાગીરથી મા ગંગાના તટે તેમણે તપ કર્યું અને આત્મસાક્ષાત્કાર કર્યો. તેમને પ્રાપ્ત થયેલ જ્ઞાનની ગંગોત્રીનો પ્રવાહ તેમનાં ૩૧૦થી વધુ હસ્તલિખિત પુસ્તકોમાં, વિશ્વની અનેક ભાષાઓમાં પ્રગટ થયેલ છે.

અહીં આ બધાં પુસ્તકોનો સાર એટલે ''સેવા, પ્રેમ, દાન, પવિત્રતા, ધ્યાન અને આત્મસાક્ષાત્કાર. ભલા બનો. ભલું કરો. દયાળુ બનો. માયાળુ બનો. વિચાર કરો હું કોણ છું? હું આ શરીર નથી. બુદ્ધિ કે મન પણ નથી. હું નિત્ય સત્ય, શુદ્ધ બુદ્ધ, અજર, અમર અવિનાશી આત્મા છું.''

તેમનાં તમામ લખાણોમાં માનવજીવનના સાર્થક્ય માટેની હાકલ છે. તેઓ સદૈવ કહેતા, ''આત્મસાક્ષાત્કાર તે માનવજીવનનો જન્મસિદ્ધ હક છે.''

સોક્રેટીસને પણ તેમના ભક્તે પૂછેલું, ''પ્રભો! આ માનવજીવનનું લક્ષ્ય શું? મૂલ્ય શું?'' સોક્રેટીસે કહેલું, ''માનવજીવન અણમોલ છે.'' ભક્તોએ પૂછ્યું: ''કોઇ ગરીબ, કોઇ તવંગર, કોઇ જ્ઞાની તો કોઇ અજ્ઞાની હોય તો પછી તેવાં બધાંનાં જીવન અણમોલ કેવી રીતે હોઇ શકે?''

પ્રશ્ન સ્પષ્ટ હતો, પરંતુ જવાબ પણ સચોટ હતો. લોખંડનો એક ટુકડો કદાચ પચાસ રૂપિયાની કિંમતનો હોઈ શકે, પરંતુ ઘોડાના પગની નાળ તેનાથી વધુ કિંમતમાં વેચાય. જ્યારે આ જ લોઢામાંથી ઘડિયાળના નાના અને ઝીણા સ્ક્રૂ કે સ્પ્રિંગ બને તો તે ખૂબ જ વધુ મૂલ્યવાન બને.

આખી વાત જ જીવનઘડતરની છે. લોઢું પણ બરછટ હોય તો તૂટી જાય. અહંકાર શા માટે કરવાનો? રાવણનો અહંકાર ટક્યો નથી, તો આપણે વળી કોણ? છળ, કપટ અને અહિંસાના નામે હિંસા આચરનારાઓનાં જીવન સુખી હોતાં નથી. તેઓ સુખની ભ્રાંતિમાં જીવતા હોય છે, તેમનાં વાસ્તવિક જીવન દાઝેલાં અને અભડાયેલાં હોય છે, પરંતુ કરમાયેલાં પુષ્પો કદી સુગંધ આપી શકતાં નથી.

જન્મથી મૃત્યુ સુધીની યાત્રા એ જીવન નથી જ. તે માત્ર મૃત્યુ ભણી આગેકૂચ છે. જીવન તો જો માનવતા મહોરે, મહેકે, જેમાં સરળતા, સહજતા, નિષ્કપટતા અને નિષ્પાપતા હોય તો જ જીવન અંજલિ થાય. તો જ કરસનદાસ માણેકની સુવિખ્યાત પંક્તિઓ... ભૂખ્યાં માટે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો, મારું જીવન અંજલિ થાજો, સાર્થક બને.

સત્કાર્યોની સરાણે પરમાર્થના નામે સ્વાર્થ અને અહિંસાના નામે હિંસા આચરનારા દંભી જીવનના માળખામાં કદીયે જીવનસૌરભ પ્રાપ્ત થતી નથી. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કે સ્વામી વિવેકાનંદજી મહારાજ, ઉપનિષદો કે પુરાણો સૌનું એક જ કથન છે, ''સત્યનું આચરણ કરો. સત્યનું પાલન કરો. તમો તમારી પોતાની જાતને વફાદાર બનો. દંભ અને છળથી મુક્ત પ્રમાણિક અને નિખાલસ જીવનના ધણી બનો.'' આ બધું અસંભવ નથી જ. દુર્ભાગ્યે આપણે આપણા જીવનના અંતરસ્તરને નિરખતાં શીખ્યા જ નથી, તે જ વાંધો છે. માટે અંતરસ્તરને અજવાળીએ-દિવ્ય જીવનને પામીએ. ૐ શાંતિ

- સંપાદક

# આનંદ કુટીરનો સાદ

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

## એક વાત નક્કી છે

આ જગતમાં એક વાત નિશ્ચિત છે કે દરેકે મરવાનું છે. એક વસ્તુ અહીં નક્કી છે કે યુવાની ચાલી જઈ વૃદ્ધાવસ્થા આવે છે. એક વાત ચોક્કસ છે કે તમે જન્મમરણના ચક્રથી બંધાયેલા છો અને વિવિધ રોગોથી પીડાઓ છો. આ જીવનમાં એક વાત નિશ્ચિત છે કે માત્ર સાધના જ તમારી પ્રકૃતિને બદલીને દિવ્ય બનાવી શકે તથા તમને ઈશ્વરસાક્ષાત્કાર કરવામાં મદદ કરી શકે. એક વાત નિર્વિવાદ છે કે સંપત્તિ તમને કાયમી સંતોષ નહીં આપી શકે. એક વાત અહીં નિઃશંક છે કે માત્ર ભગવાન જ તમને જન્મ અને મૃત્યુના ચક્રમાંથી છોડાવી શકે છે.

માયા તમને વિવિધ રીતે લલચાવે છે. માછીમાર આંકડા પર થોડું ભક્ષ્ય મૂકે છે. તે માછલી પ્રત્યેના પ્રેમને કારણે કે દયાને લીધે તેમ કરતો નથી. તે માછલીની ભૂખ સંતોષવા તેમ કરતો નથી. તેનો હેતુ તો માછલીને પકડીને પોતાની ભૂખ સંતોષવાનો છે. માછલી ખાવાની ઈચ્છાથી આંકડા તરફ ધસી જાય છે અને પકડાઈ જાય છે. શિકારી જાળ બિછાવે છે અને થોડા અનાજના દાણા નાખે છે.તે પક્ષીઓને ખવડાવવા તેમ કરતો નથી, પણ તેમને પકડીને મારી નાખવા માટે તેમ કરે છે. તે જ રીતે માયા માણસને ફસાવવા માગે છે. તેથી તે ઇન્દ્રિયોના વિષયોને થોડા આકર્ષક બનાવે છે અને થોડો આનંદ તેમાં મૂકે છે. જે માયાથી મૂઢ બનેલો હોય છે, જેનામાં સમજવાની શક્તિ નથી જેનામાં સત્ય જાણવાની સૂક્ષ્મ અને તીવ્ર બુદ્ધિ નથી. તે માણસ માટે જ વિષયોના પદાર્થો સુખનાં કેન્દ્ર છે. તે જેમ પંખી જાળમાં ફસાય છે તેમ માયા દ્વારા પકડાઈ જાય છે. તે મૂંઝાઈ જાય છે અને તે જે ફાંસલામાં ફસાયો છે તેમાંથી કેમ બહાર નીકળવું તે જાણતો નથી.

પાછળથી માણસને ખબર પડે છે કે તે છેતરાયો છે. તેને મુશ્કેલીઓ અને દુઃખો ભોગવવાં પડે છે. જેનામાં વિવેક અને વૈરાગ્ય છે, જે તત્ત્વજ્ઞાનનાં અને ધાર્મિક પુસ્તકો વાંચે છે, જે સતત પ્રાર્થના કરે છે, જે સત્સંગ કરે છે તે જ સંસારસાગરને પાર કરવા શક્તિમાન બને છે અને જીવનનું અંતિમ પરમ સુખ ભગવત્‌સાક્ષાત્કારને પામે છે. અહીં સદાકાળ સૂર્યનો પ્રકાશ છે. અહીં પૂર્વ કે પશ્ચિમ નથી, નથી દુઃખ કે ઉલ્લાસ, નથી ભૂખ કે તરસ. તે વિસ્મયકારક મૌન છે. આ બધી દશ્યમાન ઘટનાઓની પાછળ અદ્‌ભુત, ભવ્ય શાંતિ રહેલી છે.

## હમણાં જ તંદુરસ્ત વિચારો વાવો

એક નાના નિર્દોષ બાળક તરીકે હમણાં તમારું હૃદય પવિત્ર છે. હાલમાં તમારા મન ઉપર તમે કેવી અસરો ઉપસાવો છો તેના ઉપર તમારું ભાવિ જીવન અધાર રાખે છે. તમારું મન ફળદ્રુપ જમીન જેવું છે. જો તમે તેમાં ઉત્તમ વિચારો વાવશો તો તમે આનંદ અને સુખનો મોલ લણશો. જો તમે તેમાં આધ્યાત્મિક વિચારો વાવશો તો તમે દિવ્ય બની જશો.

જેવી રીતે કંજૂસ માણસ તેના ખજાનાની રક્ષા કરે છે તેવી રીતે તમે તમારા મનની રક્ષા કરો. તમારા મનમાં સેતાન કયા દ્વારોથી પ્રવેશે છે તે શોધી કાઢો. તેના ઉપર ખાસ ધ્યાન રાખો. આજના યુવાનનું મન સિનેમા અને ટેલિવિઝને પ્રદૂષિત કર્યું છે. તે વધુ પડતા અનિચ્છનીય સાહિત્યથી ભ્રષ્ટ થઈ ગયું છે. કામવૃત્તિને ઉત્તેજતી હોય તેવી જાહેરાતો ન જુઓ. ખૂન અને બળાત્કારની વાતોવાળી નવલકથાઓ ન વાંચો. તમારા મનને તમારે ખાતરી આપવી જોઈએ કે માત્ર આધ્યાત્મિક સાહિત્ય અને પવિત્ર શાસ્ત્રોના વાચનથી જ તમને સાચો આનંદ મળશે.

તમારી આંખો પર લક્ષ રાખો. તેમને આમતેમ ન ભટકવા દો. રસ્તે ચાલો ત્યારે તમારી નજર તમારી સામે થોડા મીટરને અંતરે જમીન ઉપર જ રાખો.

તમારા કાન ઉપર ધ્યાન રાખો. જે જગાએ અનિચ્છનીય બાબતોની ચર્ચા થતી હોય, લોકો એકબીજાનું ભૂંડું બોલતા હોય, સાંસારિક વિષયોની ચર્ચા થતી હોય તે જગા તરત જ છોડી દો. તમારા કાનથી ભગવાનનું નામ સાંભળો અને તમારી ઉન્નતિ કરે તેવાં વક્તવ્યો સાંભળો. તમારા કાનોને અંદરનું દિવ્ય સંગીત સાંભળવા દો.

તમારી જીભનું રક્ષણ કરો. તેને એક પણ કઠોર, નિર્દય કે અશ્લીલ શબ્દ ન બોલવા દો. તેના ઉપર સંપૂર્ણ નિયમન રાખો. જો તમે ઓછામાં ઓછા બે કલાક રોજ મૌન પાળશો તો તમને આ સતાવતી ઈન્દ્રિયને કેવી રીતે સંયમિત કરવી તે સમજાશે. ગપ્પાં મારવામાં એક પણ મિનિટ ન બગાડો. જો તમે તેમ કરશો તો જાણી લો કે તે વ્યય થયેલી મિનિટ એ મોટી ખોટ છે, જે ભરપાઈ થઈ શકતી નથી.

☐ 'યોગના પાઠ' માંથી સાભાર

## શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રાગટ્યદિને તા. ૩-૫-૨૦૧૪ના રોજ મહામંડલેશ્વર વિશ્વંભરભારતીબાપુ, જૂનાગઢ દ્વારા આશીર્વચન

આજ શંકરાચાર્ય જયંતીની પૂર્વસંધ્યાએ આપણે કર્ણાવતી મહાનગરીમાં મહાપુરુષ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની જન્મજયંતી નિમિત્તે હૃદયસમા વિસ્તારમાં અષ્ટધા પ્રકૃતિના પ્રત્યક્ષ સાંન્નિધ્યમાં ઉપસ્થિત છીએ.

મહાપુરુષ સરલ સ્વભાવ ન મન કુટીલાઈ યથા લાભ સંતોષ સદાઈ.

પ્રિય બોલવું અને સજ્જનતા સાધુના લક્ષણ છે. ઈશ્વરની અમોઘ કૃપા થાય ત્યારે સરળ દેહના સાધુનું સાંન્નિધ્ય પ્રાપ્ત થાય. અધ્યાત્માનંદ સાચા અર્થમાં અધ્યાત્મ આનંદ છે.

પરમ સંગીતકાર નીરજ પરીખ અને સાથીદાર મિત્રો દ્વારા આપણે શાસ્ત્રીય સંગીતનો સંગ માણી રહ્યા છીએ. સંતોને ભાવાંજલિ અર્પણ કરવા આવીએ ત્યારે વિશેષ ન કહેતા, આ સાંપ્રત સમયમાં સ્વામીજી યોગની ધૂણી ધખાવીને બેઠા છે ત્યારે ગિરનારથી, મુંબઈથી અહીં આવવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે.

સંતોનો સ્વભાવ જનેતાની ગોદના જેવો છે. આજે આપણને આવા પ્રભાવ અને સહજ સ્વભાવનું દર્શન ભાગ્યે જ થાય છે.

જનેતા બાળકોને મોટાં કરે, સારા સંસ્કાર આપે જેની પાછળ સ્વાર્થની ભાવના હોય છે, કે છોકરો મોટો થઈ મને પાળશે પણ પછી વૃદ્ધાશ્રમ પાળે છે, આ આપણી મોટી ખામી છે.

ભારત વર્ષમાં વૈદિક પરંપરા મુજબ
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ
આચાર્યદેવો ભવ, અતિથિદેવો ભવ કહ્યું છે,

પહેલાં ખૂબ ઓછા સાધનોમાં ખૂબ શાંતિપૂર્વક જીવતા આપણે આજે ભોગવાદી બન્યા છીએ. આવા સાંપ્રત સમયમાં ઘડપણ પાળવાને બદલે, વિજ્ઞાનના યુગમાં ઘણું પ્રાપ્ત કર્યા પછી ઘણું ગુમાવ્યું છે.

'સમજણ જીવનમાંથી જાય એની જોવા જેવી થાય, સમજણ જીવનમાંથી જાય જી.'

સમજણ ગઈ છે, હેતપ્રીત વિસરાઈ ગયાં છે, પ્રભુ ભૂલાઈ ગયા છે.

સુશીલ, શીલવાન સાધુ ૭૦મા વર્ષમાં બેઠા, એમને અમારા આશીર્વાદ છે. આ શરીરે ૮૫મા વર્ષમાં પ્રવેશ કર્યો, તે નિમિત્તે માલસરમાં શિવમહાપુરાણની કથાનું આયોજન હતું, ત્યાં સ્વામી અધ્યાત્માનંદજી પધાર્યા હતા.

સ્વામીજીને 'શતં જીવ શરદઃ' ના આશીર્વાદ સાથે કર્ણાવતીનો ગૌરવ વધારે અને અમારી મોજ વધારે. **અસ્તુ.**

### દિવ્ય આત્મન્

ગુજરાત દિવ્ય જીવન સંઘનું પ્રાદેશિક સંમેલન રવિવાર તા. ૨૭-૪-૨૦૧૪ના રોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આયોજાયું. તે દિવસે પાંચ પ્રવચનો આયોજાયાં. પહેલું પ્રવચન પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું આપણે મે-૨૦૧૪ના અંકમાં પ્રગટ કરી ચૂક્યા છીએ. તે સિવાયનાં ચાર પ્રવચનોનું સંકલન આપણા સાધક પાઠકો માટે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવીએ છીએ. આ ઉપરાંત શ્રી પંચાયતી નિર્વાણી અખાડાના આચાર્ય મહામંડળેશ્વર રાજગુરુ શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ દ્વારા શિવાનંદ આશ્રમના ઉત્સવ ત્રિવેણીનું દીપ પ્રજ્વલન કરીને ઉદ્ઘાટન પ્રવચનનો સાર તથા પ. પૂ. સ્વામીજી મહારાજના પ્રાગટ્ય દિને તા. ૩-૫-૨૦૧૪ના રોજ મહામંડળેશ્વર વિશ્વંભરભારતીબાપુ, જૂનાગઢ દ્વારા આશીર્વચન પણ પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ પ્રવચનોનું સંકલન શ્રીમતી રૂપાબહેન મજમુદારે કર્યું છે, તેથી તેઓને સાધુવાદ. -તંત્રી

**શ્રી પંચાયતી નિર્વાણી અખાડાના આચાર્ય મહામંડળેશ્વર રાજગુરુ શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ દ્વારા શિવાનંદ આશ્રમના ઉત્સવ ત્રિવેણીનું દીપ પ્રજ્વલન કરીને વિધિવત્ ઉદ્દ્ઘાટન બાદના પ્રવચનનો સાર**

ગુજરાતની ધરતી છે એ માટે ગરબાને યાદ કરીને કીર્તન કરીએ, એ રાગમાં - એ ભાવમાં ગાઈએ.

ૐ ઐં નમઃ શિવાય।

ૐ હ્રીં નમઃ શિવાય।

ૐ ક્લીં નમઃ શિવાય।

પૂજ્યપાદ બ્રહ્મલીન શિવાનંદજી મહારાજની જય.

પૂજ્યપાદ બ્રહ્મલીન ચિદાનંદજી મહારાજની જય

સૌ સંતોની જય

સૌ ભક્તોની જય

ૐ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ શંભો

પ્રજ્ઞાનં બ્રહ્મ।

તત્ ત્વમ્ અસિ।

અયમ્ આત્મા બ્રહ્મ।

અહમ્ બ્રહ્માસ્મિ।

વેદોનાં ચાર મહાવાક્યોના પારિભાષિત અર્થ પોતાનામાં ગ્રહણ કરતા 'અયમ્ આત્મા બ્રહ્મ'નું જે અસ્તિત્વ છે, તેનું સ્મરણ કરતાં - અનુભૂતિ કરતાં, તેનું ચિંતન-મનન નિદિધ્યાસન સાથે જેમણે પોતાનામાં આત્મસાત્ કર્યા છે એવા પૂજ્યપાદ શિવાનંદ સ્વામીના અસ્તિત્વમાં સત્સંગ થશે.

જેમના સમાગમમાં મેં પૂરા વિશ્વને સમાતું જોયું, એવા બ્રહ્મલીન સ્વામી ચિદાનંદજી મહારાજના અસ્તિત્વમાં સત્સંગ થશે.

આપના સંગમાં વાર્ષિકોત્સવનું આયોજન કર્યું છે, જેમાં આપણને સૌને આમંત્રિત કર્યા છે, આ ઉત્સવને સમષ્ટિના રૂપમાં બનાવવાનો સંકલ્પ કર્યો એવા પરમ સ્નેહી સ્વામી અધ્યાત્માનંદજીને ભાવસભર પ્રણામ.

ભાઈ સંબંધથી થાય છે, એક, પેટથી પેદા થાય છે, અને એક, ગુરુકુળમાં એક આચાર્યના અસ્તિત્વમાં ભણતા હોય તેઓ પણ ભાઈ કહેવાય છે.

જે બ્રહ્મા-વિષ્ણુ-મહેશને સમાહિત કરે છે, ઉમાના વિલાસને સમાહિત કરે છે એવા આપણા પિતા ભોલેનાથ શંકર આપણા પિતા છે. બધા આપણા ભાઈઓ છે.

આજથી પૂર્વસમયમાં ૧૯૮૧માં માતા સ્વર્ણલતાએ દિવ્ય જીવન સંઘની એક શાખા ખોલવાની ઈચ્છા કરી એ અવસર પર સ્વામી ચિદાનંદજી તથા અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંન્યાસ આશ્રમમાં ઈંટ મૂકવામાં આવી.

ખાસ કરીને અમારી સંસ્થાનો સંબંધ દિવ્ય જીવન સાથે થઈ ગયો હતો. વિશેષ ઉદ્દેશ્યથી બિકાનેરમાં શિવાનંદ કુટીરની સંસ્થાપના થઈ. ત્યારબાદ સ્વર્ણલતા માતાજી સંન્યાસ ગ્રહણ કર્યા બાદ વિષ્ણુશરણાનંદ માતાજી બન્યાં. એમનો ખૂબ સ્નેહભાવ મારી ઉપર રહ્યો. તેના પછી ૧૯૮૪માં સ્વામી ચિદાનંદજીએ જ્યારે શિવાનંદ કુટીરમાં આમંત્રણ આપ્યું ત્યારે સાધનાબહેને સ્વામી ચિત્નિષ્ઠાના રૂપમાં સંન્યાસ ગ્રહણ કરી લીધો હતો.

સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં મને ઉત્તરાધિકારી બનાવવામાં આવ્યો. સ્વામીજીના ભજનામૃતનું પાન કર્યું છે. મહારાજજીના પ્રવચનમાં અમે એક વિશેષતા જોઈ છે, તેમનું પ્રવચન એટલે ભારતની ખૂબ પ્રાચીન સંસ્કૃતિનું શ્રવણ. એમના પ્રવચન પરમસત્તાને ભાષિત કરે છે. પંચદેવ, પૂર્વજોની પરંપરા પ્રાપ્ત જ્ઞાનને વ્યક્ત કરે છે.

સ્વામીજીએ જે ઉપદેશ આપ્યા છે, તે આજે પણ મારી પાસે કેસેટના રૂપમાં વિદ્યમાન છે. ક્યારેક ક્યારેક હું સાંભળું છું.

મહારાજજીનું જે કાર્ય છે એનાથી પરદેશીઓ આકર્ષિત થયા છે. તેઓ રાજસ્થાની ભાષાના

ઉપન્યાસના પણ વિદ્વાન હતા. જયપુરમાં યોગશિબિરમાં મને આમંત્રિત કરવામાં આવ્યો હતો, જ્યાં મને સ્વામી અધ્યાત્માનંદજી તથા સ્વામી પ્રેમાનંદજી મહારાજ મળ્યા હતા. એ ફોટો આજે પણ મારી પાસે વિદ્યમાન છે.

મહારાજજીએ મારો હાથ પકડ્યો હતો અને કહ્યું-સ્વામીજી જયપુરમાં કોઈ જગ્યા લેવા ઈચ્છે છે. શિવાનંદ આશ્રમ જયપુરની શાખા તેમનો જ આશ્રમ છે. મેં ત્યાં ચાતુર્માસ કર્યા. સમય સમય પર આવવા-જવાનું રહેવા લાગ્યું. ત્યાં કાલસર્પદોષનિવારણની વિધિ માટે શિવજીની અષ્ટધાતુની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી. હવે હું શિવાનંદ આશ્રમમાં જ નિવાસ કરવા લાગ્યો. જ્યારે હું આશ્રમથી વિદાય લેતો ત્યારે જલેબી, પૂરી, રસગુલ્લા, પેંડા, રજાઈ, કામળો બધું આશ્રમમાં પહોંચી જતું અને મારી ગાડીમાં મુકાઈ જતું. આવું મહાપુણ્ય મહાપુરુષોની કૃપાથી પ્રાપ્ત થયું છે. હવે અમે અમદાવાદ શિવાનંદ આશ્રમ સાથે જોડાઈ ગયા છીએ. સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે હમણાં જ મને જણાવ્યું કે આ સ્થાન પર મહારાજજી પધારતા હતા.

પરીક્ષિત રાજાને શુકદેવજીએ પૂછ્યું હતું-તમને ભાગવત સાંભળ્યા પછી કેવું લાગે છે?

પરીક્ષિતે કહ્યું - આપ જેવા બ્રહ્મનિષ્ઠ પુરુષ-સદ્‌ગુરુ પાસેથી શ્રીમદ્ ભાગવત કથા સાંભળ્યા પછી મારા અંતઃકરણમાં જે પરિવર્તન થયું છે, જેનાથી હું અભયપદમાં સ્થાપિત થયો છું. મેં નિર્વાણપદની પ્રાપ્તિ કરી છે. હું અભયપદ પર બેસીને બોલી રહ્યો છું.

આજના સંદર્ભમાં કળિયુગનો વિશેષ પ્રભાવ છે. ભૌતિકતાનો પ્રભાવ છે. આવા સમયમાં આ સ્થાન ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

એક બ્રાહ્મણ હતો. પૂર્વનાં પુણ્ય કર્મથી સારા સ્વભાવની બ્રાહ્મણી પ્રાપ્ત થઈ હતી આપણને પણ જે લોકો મળે છે તે પ્રારબ્ધથી મળે છે. એના બે પ્રકાર છે -

(૧) સ્વર્ગથી આવેલા લોકોને સ્વર્ગની વ્યક્તિઓ મળે છે. જે મધુર સ્વભાવવાળા હોય છે. મધુર વાણીનો પ્રયોગ કરે છે. દેવઅર્ચન કરે છે. ગુરુજનોને તૃપ્ત કરવાનો સ્વભાવ સ્વર્ગથી આવેલા જીવોનો હોય છે.

(૨) બીજા પ્રકારના લોકો નરકમાંથી આવેલા હોય છે. આવા લોકો દુર્યોધન જેવા પોતાના ભાઈઓને પ્રેમ નથી કરતા. ભોગી હોય છે. નાની-નાની વાતોમાં અત્યંત ક્લેશ કરનાર કટુભાષી હોય છે. તે લોકો ગૃહસ્થાશ્રમને નરક બનાવે છે. તેમનું જીવન લડતાં-ઝગડતાં પસાર થાય છે.

બંનેનું જીવન સમાપ્ત થાય છે. જે સ્ત્રી પતિવ્રતાધર્મનું પાલન કરતી નથી તે ભવિષ્યમાં બીજા જન્મમાં પશુ થાય છે.

સીતાજીએ અનસૂયામાતાને પ્રશ્ન કર્યો-આ અબળાનો શું દોષ છે? તેના પતિનું મૃત્યુ થઈ ગયું. બે બાળકો તેના ખોળામાં રડી રહ્યાં છે. ભગવાનને તેની દયા નથી આવતી?

અનસૂયામાતાએ ઉત્તર આપ્યો - જે સ્ત્રી પતિને માન આપતી નથી એવી સ્ત્રી બીજા જન્મમાં યુવાનીમાં વિધવા થાય છે, એમાં ભગવાનનો દોષ નથી.

એક કથા છે - એક બ્રાહ્મણ અને બ્રાહ્મણી હતાં. તેમના ગૃહસ્થજીવનમાં ખૂબ કંકાસ હતો, તેમને મૃત્યુ પછી પુનર્જીવન પ્રાપ્ત થયું, જેમાં બ્રાહ્મણ કૂતરો બન્યો, જે રાજા પાસે જઈ પહોંચ્યો. બ્રાહ્મણી સસલી થઈ. એક વાર રાજા કૂતરાને લઈને શિકાર પર નીકળ્યો. કૂતરાની નજર સસલી પર પડી. સસલી ઝાડીમાં છુપાઈ ગઈ. કૂતરો ઝાડીમાં ઘૂસ્યો. સસલી ત્યાંથી ભાગી. દોડતાં દોડતાં બંને એક આશ્રમમાં આવ્યાં. ત્યાં એક તળાવ હતું. બંને તળાવમાં પડી ગયાં. રાજા દોડતો આવ્યો ત્યાં સુધીમાં તો બંને તળાવમાં પડી ચૂક્યાં હતાં. તળાવનાં પાણીનો સ્પર્શ થતાંજ તેઓ બંનેને દિવ્ય દેહ પ્રાપ્ત થયા. રાજાને આમ કેવી રીતે બન્યું તેનો ખ્યાલ આવ્યો નહીં.

શ્રીમદ્ ભાગવતમાં ધુન્ધુકારીની કથા આવે છે.

શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે-જ્યારે ભક્ત મારું સ્મરણ કરે છે, તેને હું અમૃત પીવડાવું છું, જેથી તે કૃષ્ણ જ

બની જાય છે.

એ આશ્રમના તળાવમાં આચાર્યના શરીરનું જળ પડતું હતું. તેના સ્પર્શથી બ્રાહ્મણ - બ્રાહ્મણીએ દેવત્વ પ્રાપ્ત કર્યું.

આ સ્થાનમાં પણ સંતોનો સ્પર્શ છે. નિઃસંદેહ તમને પણ દેવત્વની પ્રાપ્તિ થશે.

દિવ્યતા પરોક્ષ છે.

મલિનતા પ્રત્યક્ષ છે.

જીવાત્મા કોને કહેવાય? જે સત્સંગ સાંભળ્યા પછી, સ્વાધ્યાય, તીર્થયાત્રા, પાવન સંતદર્શન પછી પણ સંસારી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. અંતઃકરણથી જે સંસારી પ્રવૃત્તિ કરી રહ્યા છે તે પણ જીવાત્મા છે.

એક મહાત્મા છે. જે મહાન કાર્ય કરી રહ્યા છે, સાધના કરે છે અને પોતાને સાધે છે.

એક જે સૌની સેવા કરે છે-તે છે પરમાત્મા. તત્ત્વમસિના વિશ્લેષણ પછી જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે જીવાત્મા મહાત્મા કહેવાય છે.

તમારે દિવ્ય જીવન તરફ યાત્રા કરવાની છે. 'અયમ્ આત્મા બ્રહ્મ'ની અનુભૂતિ સાથે તમારે આગળ વધવાનું છે. તમે અધ્યાત્મની યાત્રા અધ્યાત્માનંદજી સાથે કરી રહ્યા છો. તમે સૌ દિવ્ય જીવન પ્રાપ્ત કરી રહ્યા છો. તમે સૌ દિવ્ય જીવન પ્રાપ્ત કરો, વિશ્વનાથ ભગવાનને મારી પ્રાર્થના છે.

સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના દિવ્ય આયુષ્ય માટે

**ૐ ત્ર્યમ્બકં યજામહે સુગંધિં પુષ્ટિવર્ધનમ્**
**ઉર્વારુકમિવ બન્ધનાન્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્।**

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥ પ્રાર્થના કરું છુંઃ

**( રામચરિતમાનસમાં ગુરુ-ભક્તિ પાન નં. ૨૩ ઉપરથી ચાલુ)**

કાક કહે છે, ''એ ઘટનાને યાદ કરું છું, મારાં રૂંવાડાં ઊભા થઈ જાય છે. એક વખત હું ભગવાન શિવની આરાધના કરતો હતો ત્યારે સદ્‌ગુરુ આવ્યા. મેં તેમને જોયા. મને થયું હું બોલું પણ મેં પ્રણામ ન કર્યાં. શિવ સહન ન કરી શક્યા. તે પ્રગટ થયા, પછી જે શબ્દો બોલ્યા તેનાથી મારા કરતાં સદ્‌ગુરુને વધારે દુઃખ થયું. તેમણે કહ્યું આવા શબ્દો મારા શિષ્ય માટે જે બોલ્યા તેનાથી મને દુઃખ થયું છે.''

શિવજીએ કહ્યું, ''સદ્‌ગુરુનો આદર ન કરે તેને હું માફ ન કરી શકું. એને જન્મજન્માંતર સુધી ભટકવું પડશે પછી એને જ્ઞાન થશે, પરંતુ મારા સદ્‌ગુરુએ મને બચાવી લીધો. મને મારા સદ્‌ગુરુ માટે સદ્‌ભાવ થાય છે.''

સદ્‌ગુરુ મારા-તમારા માટે પ્રાર્થના કરતા હોય છે. તમે અનુષ્ઠાનમાં બેઠા હો તો પણ સદ્‌ગુરુનો આદર કરવો જોઈએ.

સદ્‌ગુરુને શોધવાની જરૂર નથી. સારું શિષ્યત્વ પ્રાપ્ત થાય એટલે સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થાય, લાયક બનાવે.

ગુરુ ર્બ્રહ્મા ગુરુ ર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ।
ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ॥

શિષ્યનો ઉદ્ધાર કરવા ગુરુ જરૂરી છે. વાલી અને રાવણને ગુરુ નથી, પણ ભગવાનના હાથે મર્યા ને મુક્તિ મળી.

સંતોને જન્મદિવસની મહત્તા હોતી નથી. ગૃહસ્થ જન્મદિવસ ઉજવે. મહાપુરુષની પુણ્યતિથિ ઊજવાય. એને કાળ નથી. શરણાગતિથી આ મન આચ્છાદિત થઈ જાય તો કંઈ કરવાની જરૂર નથી. આપણે આ પ્રસંગ સત્કર્મ-સ્મરણ દ્વારા ઊજવીએ.

પૂજ્ય સ્વામીજીના ચરણારવિંદમાં સંતોના ચરણારવિંદમાં વંદન કરી વિરમું છું.

# દૈનિક જીવનમાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું મહત્ત્વ

- શ્રી સ્વામી ઊમેશ્વરદેવજી

## મનુષ્યજીવનમાં ભગવદ્ગીતાનું મહત્ત્વ શું છે?

આપણે સૌ જાણીએ છીએ કે યુદ્ધમાં અર્જુન શોકમાં પડી જાય છે, તેને મોહ થાય છે, વિપરીત ભાવ પેદા થાય છે. જે ભાવ પેદા થવો જોઈએ એના કરતાં વિપરીત ભાવ પેદા થાય તેને 'મોહ' કહે છે.

ચહેરા પર કાળો ડાઘ પડ્યો. દર્પણમાં ચહેરો જોઈએ છીએ. દર્પણમાં ચહેરો દેખાય છે પણ દર્પણમાં ચહેરો નથી. દર્પણના ટુકડેટુકડા કરી નાખીએ, એમાં ચહેરો તો દેખાશે પણ ચહેરો વિદ્યમાન નથી. દર્પણમાં પહેલાં ચહેરો નહોતો, આજે પણ નથી, ભવિષ્યમાં પણ નહીં હોય. ત્રણેય કાળમાં હોઈ જ ન શકે. સચ્ચાઈ એ છે કે તેની ઉપયોગિતા છે, ચહેરો ઠીક કરી દીધો. પહેલાં વનસ્પતિનો રસ હતો, જે આંજવાથી આંખો સારી રહેતી. આજે જે પ્રસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તે કેટલા અંશે યોગ્ય છે તે ખબર નથી; પરંતુ પહેલાં આ પરંપરા હતી, ભગવાનને ભોગ લગાવ્યા બાદ જ ભોજન પ્રાપ્ત થતું. ભગવાનને ભોગ ચઢાવ્યા બાદ પ્રસાદ પામીએ છીએ. ગીતા ભગવાનનો પ્રસાદ છે. ગીતા ભગવાનના મુખકમળમાંથી પ્રગટ થયેલો પ્રસાદ છે. દરેક જીવ માટે ગીતા પ્રસાદ છે. આપણે પૂજારી પાસેથી પ્રસાદ ગ્રહણ કરીએ છીએ ત્યારે કેવી શ્રદ્ધાથી લઈએ છીએ એટલી શ્રદ્ધા ગીતાના પ્રસાદમાં હોવી જોઈએ.

શ્રી મધુસુદન સરસ્વતીએ 'અદ્વૈત સિદ્ધિ' નામનો ગ્રંથ લખ્યો. વેદાંત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતાનો, જેમાં સમન્વય છે

**એકમેવ અદ્વિતીયં બ્રહ્મ।**

જેમાં બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમણે હાથમાં વાંસળી ધારણ કરી છે, પીળું પીતાંબર ધારણ કર્યું છે એવા ભગવાનની અમે સ્તુતિ કરીએ છીએ. કૃષ્ણ કરતાં બીજું કોઈ તત્ત્વ મને તો પ્રાપ્ત થયું નથી. જો કોઈ કૃષ્ણને ભગવાન નથી માનતા તો પણ મારી પ્રસન્નતા છે.

ગીતા ગ્રંથ બહુ જ શક્તિશાળી છે. આખું વિશ્વ એને માને છે.

અર્જુન વિષાદમાં ઘેરાઈ ગયો. એને મોહ થયો. અર્જુને કહ્યું, ''મારાં અંગો શિથિલ થઈ રહ્યાં છે, મોં સુકાઈ રહ્યું છે, મારા શરીરમાં કંપ અને રોમાંચ થઈ રહ્યો છે, મારું મન ભમે છે, મારે યુદ્ધ નથી કરવું. મારે રાજા નથી બનવું. પહેલાં મને ખબર નહોતી કે જેમના માટે રાજ્ય, ભોગ અને સુખ ઈચ્છીએ છીએ તે જ બધા લોકો તો ધન અને જીવવાની આશા જતી કરીને યુદ્ધમાં ઊભા છે. આ બધાએ મરવાનું છે અને મારાં જ બાણથી તેઓ મરશે. તેમને હણીને અમને ક્યો આનંદ મળશે? પોતાનાં જ સ્વજનોને હણીને અમે કેમ સુખી થઈશું? મારે કશું જ નથી જોઈતું.''

પહેલાં યુદ્ધભૂમિ પર પહોંચી ગયા. અર્જુને શ્રી કૃષ્ણને નિર્દેશ કર્યો કે તમે મારા સારથિ છો. મારા રથને બંને સેનાઓની વચ્ચે ઊભો રાખો, જ્યાંથી રણભૂમિમાં ભેગા થયેલા યુધ્ધની અભિલાષા રાખનારા વિપક્ષી યોદ્ધાઓને સારી પેઠે હું જોઈ લઉં, કે આ યુદ્ધમાં મારે કોની કોની સાથે લડવાનું છે? પછી તરત જ વિષાદમાં ઘેરાઈને કહે છે ''હું યુદ્ધ નહી કરું મારા હાથમાંથી ધનુષ સરી રહ્યું છે, ચામડી પણ બળી રહી છે તથા મારું મન જાણે ભમે છે, હું ઊભો રહેવાને પણ સમર્થ નથી'' એમ કહી અર્જુને ધનુષબાણ નીચે મૂકી દીધાં

આટલો મોહ ઉત્પન્ન થયો. મોહ એટલે વિપરીત ભાવના.

ભગવાને કહ્યું

**ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે।**
**ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ॥**

આ બહુ તુચ્છ બાબત છે. હૃદયની દુર્બળતા છે, ભગવાને ઉપદેશ આપવા ઈચ્છા કરી.

સંપત્તિ બે પ્રકારની છેઃ

દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ

દૈવી સંપત્તિ એટલે મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું, યથાર્થ અને પ્રિય બોલવું, પોતાના પર અપકાર કરનાર ઉપર પણ ક્રોધ ન કરવો, કર્મોમાં કર્તાપણાનું અભિમાન ન હોવું, ચિત્તની ચંચળતા ન હોવી, કોઈનીય નિંદા ના કરવી, બધા જીવો પર દયાભાવ રાખવો, વિષયો પ્રત્યે આસક્તિ ન હોવી, મૃદુ સ્વભાવ, વ્યર્થ ચેષ્ટાઓ ન થવી.

આસુરી સંપત્તિ એટલે દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને વળી અજ્ઞાન. જે દુર્યોધનનો સ્વભાવ છે.

અર્જુન કહે છે, ''હું યુદ્ધ નહીં કરું.'' અર્જુનને પોતાના શરીરના સંબંધીઓ પ્રત્યે મોહ હતો. અર્જુને બંને સેનાઓમાં રહેલા વડીલો, કાકાઓ, પિતામહો, ગુરુઓ, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ તેમ જ સુહૃદોને જોયા. ભગવાને ગીતાના સ્વરૂપમાં તેને ઉપદેશ આપ્યો.

મહાભારતનું યુદ્ધ કેમ થયું? દ્રૌપદીને કારણે યુદ્ધ થયું. દેવીઓને જ્યાં સતાવવામાં આવે છે, ત્યાં યુદ્ધ થાય.

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્॥**

હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.

તાત્પર્ય એ છે કે એ ધર્મયુદ્ધ હતું. ધર્મયુદ્ધ પહેલાં ઘોર કળિયુગ આવ્યો હતો. દેવી કે જે સ્વયં મહારાણી હતી તેના ઉપર કુદૃષ્ટિ નાખવામાં આવી હતી. ભગવાને તેને બચાવી લીધી. આનાથી વધારે અત્યાચાર કયો હોઈ શકે. પછી જંગલમાં જવું પડ્યું. અજ્ઞાતવાસમાં જવું પડ્યું. ભગવાન કૃષ્ણને દ્રૌપદીએ કહ્યું, ''અમે સુલેહ કરવા માગતાં નથી. જો તમે યુદ્ધ કરવા સમર્થ નથી તો હું યુદ્ધ કરીશ અને યુદ્ધ કરી રાજ્ય પાછું લઈશ. ભગવાને દ્રૌપદીને કહ્યું કે, ''દૂત (સંદેશવાહક) બનીને મારે જવાનું છે. તમારી પ્રસન્નતાનું ધ્યાન રાખીશ.

ભગવદ્ગીતામાં સૌથી મોટો પાપી માનવામાં આવ્યો છે-ધૃતરાષ્ટ્ર. સૌથી પહેલો અધર્મ એણે શરૂ કર્યો. રાજ્ય પાંડુનું હતું. એણે રાજ્ય પાછું સોંપી દેવું જોઈએ. ભગવદ્ગીતાનો સૌથી પહેલો શ્રોતા પણ હતો-ધૃતરાષ્ટ્ર. એની પણ મુક્તિ થઈ ગઈ. વિદૂર તેમને લઈ ગયા. ગાંધારી કહે કે હું પણ આવીશ. ગંગાની પાસે બંનેએ તપસ્યા કરી. વિદૂરે તેમને સ્વરૂપનું ચિંતન કરતાં શીખવ્યું. બંનેએ પોતાના શરીરને ભસ્મ કરી દીધાં. મુક્તિ થઈ ગઈ.

ભગવદ્ગીતાનો સૌથી પહેલો શ્રોતા-સૌથી મોટો પાપી, એની પણ મુક્તિ થઈ ગઈ. ગીતા જે પાપીઓમાં પાપી છે, દુનિયામાં એવું એકે પાપ નહીં હોય જે એણે ના કર્યું હોય, તેની પણ મુક્તિ કરાવે છે.

આત્માનું સ્વરૂપ એવું છે –

**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે॥**

એ હંમેશાં એકસરખો છે. તે અખંડ હોવાને લીધે કદમાં વધતો નથી. તે નથી વૃદ્ધિ પામતો કે નથી ક્ષય પામતો. તેનામાં વિકાર નથી. જન્મ અને મૃત્યુતો માત્ર

ભૌતિક શરીરને માટે જ છે. જન્મ અને મૃત્યુ અમર, સર્વવ્યાપી આત્માને સ્પર્શી શકતાં નથી.

શરીર અત્યંત મલિન છે. આત્મા અત્યંત નિર્મળ છે તો શુદ્ધિ કોની? કોલસાને ઘસીઘસીને સ્વચ્છ બનાવવા ઈચ્છીએ તો થઈ શકે? જે વિકારમાંથી ઉત્પન્ન થયું છે, જેમાં ગંધ જ ગંધ છે તે કેવી રીતે શુદ્ધ થઈ શકે? તેને સુગંધમાં તરબોળ કરી દેવામાં આવે તો પણ દુર્ગંધ તો રહેશે જ.

અર્જુન ભગવાનને વિનંતી કરે છે અને કહે છે, '' હે પરમેશ્વર! આપનાં જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય અને તેજથી યુક્ત ઈશ્વરીય રૂપને હું પ્રત્યક્ષ જોવા માંગુ છું. ત્યારે ભગવાન કહે છે, ''તું મારા અલૌકિક રૂપને તારાં સ્થૂળ ચક્ષુઓથી જોઇ શકવા ચોક્કસપણે સમર્થ નથી, માટે હું તને અલૌકિક ચક્ષુ આપું છું. એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને જો.'' અને હરિએ આમ કહ્યા પછી અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત દિવ્ય સ્વરૂપ દેખાડ્યું. સંજયને પણ દિવ્ય દૃષ્ટિ આપી. પરમાત્માના ઐશ્વર્યનું દર્શન આ નેત્રોથી થઈ શકે નહીં.

અર્જુનને સ્વજનો પ્રત્યે મોહ થઈ ગયો. ''સામે મારા પિતા, ગુરુજનો, વડીલો છે. હે મધુસૂદન! હું હણાઉં છતાં પણ અથવા ત્રણે લોકનું રાજ્ય મેળવવા માટે પણ હું આ બધાંને હણવા નથી ઈચ્છતો. હું સંન્યાસી થઈ જઈશ. ભિક્ષા માગીશ પણ યુદ્ધ નહીં કરું.''

ભગવાને સચ્ચાઇ સમજાવવાનો પ્રયત્ન કર્યો. શ્રી ભગવાને કહ્યું, 'હે અર્જુન! જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે તું શોક કરે છે. તું પોતાના ધર્મથી વિચલિત થઈ રહ્યો છે. ક્ષત્રિયનો ધર્મ છે લડીને શહીદ થઈ જવાનો. પ્રતિપક્ષી યોદ્ધા સાથે લડતાં યુદ્ધભૂમિમાં મુક્તિ થઈ જાય છે - જેવી કે બ્રહ્મજ્ઞાનીની મુક્તિ થાય છે. પોતાના ધર્મનું પાલન કરી મુક્તિ પ્રાપ્ત કરવી શ્રેષ્ઠ છે. બીજાનો ધર્મ ભય ઉત્પન્ન કરે છે.''

બીજી તરફ શાસ્ત્ર કહે છે, હિંસાથી પાપ લાગે છે. કીડી મરી ગઇ, મચ્છર મરી ગયો, પાપ લાગે તો શું કરવું અને શું ન કરવું. શાસ્ત્રનું પ્રમાણ છે - જેના માટે જે કર્તવ્યપાલનનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેનું પાલન કરવું. ક્ષત્રિયનો ધર્મ છે પ્રતિપક્ષીને મારવું - એ કર્તવ્ય પાલન છે - પાપ નથી.

ખેડૂત ખેતરમાં પાક ઉગાડે છે, બીજ નાખે છે. જીવજંતુ પણ હોય છે. ખેતરને પાણીથી ભરી દે છે. જીવજંતુ છુપાઈ જાય છે ફરી પાણી ભરે છે. અસંખ્ય જીવજંતુ મરી જાય છે. તો એનો અર્થ તો એ થયો કે ખેડૂતને તો ક્યારેય મુક્તિ નહીં મળે. બહુ જ પાપી છે. શાસ્ત્ર કહે છે કે ખેડૂતનો સંકલ્પ એમને મારવાનો નથી. એ અનાજ ઉત્પન્ન કરી અન્ય જીવોને જીવતદાન આપે છે. સમષ્ટિની સેવા માટે કરે છે, માટે તેને પાપ લાગતું નથી.

એક ઋષિએ તપશ્ચર્યા કરી. તેની આંખોમાં શક્તિ આવી ગઇ. એટલામાં ત્યાં કાગડો આવ્યો. આમ-તેમ ઊડતા કાગડાને જોઈ ઋષિને ક્રોધ આવ્યો. તેમણે કાગડાની સામે જોયું, તે બળીને ભસ્મ થઈ ગયો. ઋષિએ વિચાર્યું મારી તપસ્યામાં સામર્થ્ય આવી ગયું. તેઓ ભિક્ષા માગવા નીકળ્યા. એક ઘર પાસે આવ્યા. સ્ત્રી પતિની સેવા કરી રહી હતી. તેણે ઋષિને રોકાવા માટે કહ્યું. પતિની સેવા કરીને આવતાં તેને થોડી વાર લાગી ઋષિને ગુસ્સો આવ્યો. તેમણે ક્રોધિત નજર સ્ત્રી પર નાંખી. સ્ત્રીએ તરત જ કહ્યું, ''હું ઝાડની ચકલી નથી છે કે મૂર્છિત થઈ જઉં? ગુરુ બનાવો.''

ઋષિએ વિચાર્યું કે આ સ્ત્રી ગૃહસ્થી છે, તેને કેવી રીતે ખ્યાલ આવ્યો?

ગીતાની કથા મહાભારતની કથા છે. પતિની સેવા કરતાં સ્ત્રીમાં સામર્થ્ય આવી ગયું. અર્જુનને પોતાના સ્વભાવનું પાલન કરતાં મુક્તિ મળી ગઈ.

સ્ત્રીએ કહ્યું, ''ગુરુ બનાવો'' એક વેપારી હતો, માંસ વેચતો હતો. તેની પાસે ઋષિને મોકલ્યા. ઋષિ વેપારી પાસે ગયા. લાંબી કતાર હતી. ભીડ ઓછી થાય પછી પાસે જવું, વિચારીને ઊભા રહ્યા. અંતે વેપારીને ઋષિએ કહ્યું, ''એક દેવીએ મને તમારી પાસે મોકલ્યો છે.'' વેપારી તેમને ઘરે લઇ ગયા. બેસાડ્યા. માતા-પિતાને ભોજન કરાવ્યું, સેવા કરી પછી ઋષિને પૂછ્યું, '' બોલો શું સેવા કરું?'' ઋષિએ પૂછ્યું, ''તમે શું કરો છો?'' વેપારીએ કહ્યું, ''માતાપિતાની સેવા.''

માતાપિતાની સેવા કરનારને મુક્તિ મળે, પતિની સેવા કરનારને મુક્તિ મળે. બધાંને હણી નાખનાર અર્જુનને પણ મુક્તિ મળી.

ભગવાને મોહનો નાશ કરવા માટે શું શું ઉપદેશ નથી આપ્યો? ધર્મની મર્યાદા અનુસાર પોતાના સ્વધર્મના પાલન માટે બિલકુલ મોહ નહીં કરવો જોઇએ. તેમને છોડવા પડે, મારવા પડે તો પણ ખોટું નથી. અર્જુન માટે સ્વધર્મનું પાલન શ્રેયસ્કર છે.

મારે યુદ્ધ નથી કરવું. સંન્યાસ લઇ લઇશ. ભિક્ષા લઈ જીવનયાપન કરીશ. ભગવાને ઉપદેશ આપ્યો અને પોતાના સ્વરૂપનું દર્શન પણ કરાવ્યું અને અર્જુન કહે છે, ''હે ભગવાન! આપનું મુખ ભયંકર દેખાય છે. કીડા ટકરાઇ ટકરાઇ તમારી આહુતિ બની રહ્યાં છે. મને દેખાય છે કે બધા તમારા મુખમાં સ્વયં પ્રવેશ કરી રહ્યાં છે, જેને આપ આરોગી રહ્યા છો.'' મોહની સ્થિતિ નષ્ટ પામે છે.

આપ સૌએ ડાકુની વાત સાંભળી હશે, ડાકુએ સપ્તર્ષિઓને ઝાડ સાથે બાંધી દીધા હતા, લૂંટવું એને પોતાનો વેપાર માની લીધો હતો. એને તે પાપ માનતો નહોતો.

ગુજરાતમાં શરાબ મળતો નથી. ઇતિહાસ હંમેશાં યાદ રાખશે. કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. છતાં પણ નિયમ છે.

સપ્તર્ષિઓએ ડાકુને કહ્યું કે તારાં પત્ની-બાળકોને પૂછીને આવ કે તું યાત્રીઓને જે કષ્ટ આપે છે, તેનું તને જે પાપ લાગે છે તેમાં તને સહયોગ આપશે? ''તમે ભાગી તો નહીં જાવ'' ડાકુએ પૂછ્યું. ''અમને બાંધીને જા'' સપ્તર્ષિઓએ કહ્યું. ''ઘરે જઇને પૂછી જો.'' ''હું લૂંટીને પૈસા લાવું છું, તમે મસ્તીથી રહો છો, પણ બીજાને કષ્ટ પહોંચાડવાનું પાપ તો લાગે છે તેમાં તમે મને સહયોગ આપશો?'' પત્નીએ કહ્યું, '' તમે પરિશ્રમ કરીને કમાવ કે બીજાને દુઃખી કરીને કમાવ એ તમારી મરજી છે. તમે બીજાને પ્રસન્ન કરીને પૈસા લાવો, દુઃખી કરીને શું કરવા લાવો છો? અમે તેમાં સહયોગી નથી.'' ડાકુની વૃત્તિ બદલાઇ ગઇ. જે રસ્તા પર ચાલી રહ્યા છો, પસંદ કર્યો છે, એ જ મારો ધર્મ છે એવું ના માનતા.

યુદ્ધમાં સૈનિકોને હત્યાનું પાપ નથી લાગતું - એ સ્વધર્મ છે. પોતાના ધર્મને જોઇને કર્મ કરો.

કર્મ સાપેક્ષ છે.

જ્ઞાન નિરપેક્ષ છે.

કર્મ માટે કર્તા, ભોક્તા બધું જોઇએ. જ્ઞાન માટે કંઇ નહી જોઇએ. જ્ઞાન અધિકારણ સ્વરૂપ છે.

ભગવાને અર્જુનને પૂછ્યું, ''અર્જુન હવે તું બતાવ કે મેં તને જે જ્ઞાન આપ્યું તેં એને એકાગ્ર ચિત્તથી સાંભળ્યું? અને જો એકાગ્ર ચિત્તથી સાંભળ્યું તો તારો મોહ નષ્ટ પામ્યો? જે અજ્ઞાન હતું, પોતાના સગાસંબંધી માનીને જે સંમોહ થયો હતો, તે મોહ નાશ થયો?''

અર્જુને કહ્યું, ''હા પ્રભુ! તમે બિલકુલ સત્ય કહ્યું. હવે મારી ભ્રાંતિ દૂર થઇ. કોઇ સાથે આવ્યું નથી અને કોઇ સાથે જવાનું નથી. કોઇ આપણને સુખી કરી શકે નહીં, દુઃખી પણ ના કરી શકે. હવે હું મારા સ્વયંના સ્વરૂપમાં સ્થિત થયો છું. હું તમારી આજ્ઞાનું પાલન કરીશ.''

# ભાગવતમાં વેદાંત અને ભક્તિનો સંગમ

- શ્રી અનન્તાનંદ તીર્થ માતાજી, વહેલાલ

આત્મસ્વરૂપ સ્વામીજી, સૌ સંતો, આપ સૌ મુમુક્ષુના રૂપમાં પરબ્રહ્મ પરમાત્મા.

સંગમ તો નહાવાનું સ્થાન છે. સંગમમાં નહાવાનું મળે તો કેવો આનંદ થાય તે મુમુક્ષુ જાણે છે.

આપણા આ શિવાનંદ આશ્રમમાં ત્રિવેણી સંગમ ચાલે છે - ત્રિવેણી ઉત્સવના રૂપમાં. જેમાં તમે સૌ સ્નાન કરી જ રહ્યા છો. અલૌકિક આનંદ પ્રાપ્ત કરી જ રહ્યા છો.

શાસ્ત્રો માત્ર પુસ્તકો નથી, પરંતુ કોઈ મૂલ્યવાન તત્ત્વને દર્શાવવા માટે રચાતાં હોય છે,

આપણે બેઠા છીએ, તેના ઉપર સુંદર મંદિર છે. અદ્ભુત છે, સુંદર નકશીકામ છે. મા ભગવતીના સુંદર શણગાર છે. આખા ભવનને નિહાળીએ. પણ એની જ, વાહવાહ કરવામાં રહી જઈએ તો? મંદિરમાં એકત્વ સિદ્ધ કરવા આવ્યા છીએ, પણ એકત્વ સિદ્ધ કરવાનું રહી જાય તો?

ભાગવતને કોઈ ભક્તિગ્રંથ કહે, કોઈ યોગગ્રંથ કહે, વેદાંતના અભ્યાસીઓ વેદાંત ગ્રંથ કહે. ભાગવતમાં જેની પ્રધાનતા છે તેનો સંગમ બતાવીએ-ભક્તિ અને વેદાંતનો સંગમ.

બ્રહ્મસૂત્ર, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ગીતા મૂલ્યવાન ગ્રંથો છે. વૈષ્ણવ કહે કે ભાગવત મૂલ્યવાન મૂલ્યાંકન છે. તેને આ ગ્રંથોની સાથે એક હરોળમાં મૂકી શકાય. તેનો સ્વાદ તો જે ભાગવતમાં રમમાણ થાય છે તે જાણી શકે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, ઉપનિષદનો સાર, બ્રહ્મસૂત્રમાંથી જે મળે છે તે ભાગવતમાંથી પણ પ્રાપ્ત થાય છે. આમ પણ ત્રિવેણી સંગમ છે, તો સ્નાન કેમ ન કરવું?

શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત - બેની આગળ જ 'શ્રીમદ્' રહે છે. શ્રીમદ્ શબ્દ અલભ્ય છે. ભગવદ્ગીતા ભગવાનની પોતાની વાણી છે. ભગવાને ગાઈ છે. અર્જુનના માધ્યમથી તમામ ગૃહસ્થીઓને ઉપદેશ આપ્યો છે. ભક્ત, યોગી, જ્ઞાનપથી, ગૃહસ્થીને જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ શબ્દ ગીતા આગળ મુગટમાં મણિ મૂક્યો હોય તેવો પ્રતીત થાય છે.

ભાગવત ભગવાનનું વાડ઼્મય સ્વરૂપ છે. ભગવાનનું જ સ્વરૂપ હોય ત્યારે એક-એક શબ્દ, પદ, શ્લોક એ વેદાંત અને ભક્તિનો સમન્વય જ છે. ભાગવત ભક્તિ-વેદાંતનું મિલન છે. જે એકત્વ ત્યાંથી પ્રાપ્ત થાય છે એ બહુ અણમોલ છે.

સીધીસાદી ભાષામાં કહીએ તો ભક્તિ એમ કહે છે - બધું ઈશ્વર છે. ભાગવત Clearcut કહે છે - બધું જ કૃષ્ણ છે. કૃષ્ણ ઉચ્ચાર કરતાં ભક્તોના હૃદય ગદ્ગદિત થાય છે. ભગવાનનું વાડ઼્મય સ્વરૂપ તો ખરું પણ પ્રેમસ્વરૂપ છે, જે ભક્તોએ એ આત્મસાત્ કર્યું છે તે ભક્તોનું સ્વરૂપ પણ પ્રેમસ્વરૂપ છે.

ક્યાંક માત્ર પ્રેમ જ છે. - કે માત્ર જ્ઞાન જ છે. ભાગવતમાં સર્વત્ર પ્રેમ-જ્ઞાન એકઠાં જ મળશે.ભાગવત કહેવાયું છે ત્યારે પણ ભાગવતને જે લોકોએ માણ્યું છે, તેમની અંદર પ્રેમ નિષ્પન્ન થયો છે. આપણી પાસે પરીક્ષિતને નિમિત્ત બનાવી શ્રીમદ્ ભાગવત કથા આવી, પણ વ્યાસજી પાસે કેવી રીતે આવી?

વ્યાસજી પૂર્ણબ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્મતત્ત્વની સાંગોપાંગ અનુભૂતિ એમણે કરી છે. મહાભારતના ૧ લાખ શ્લોક આપ્યા. વેદોનું વિભાજન કર્યું. તેઓ અલકનંદા-સરસ્વતી નદીના સંગમસ્થાન પર બેસી કંઈક ચિંતિત હતા, વિચારમગ્ન હતા. મને બ્રહ્મજ્ઞાન તો છે.

વેદોને મેં વિભાજિત કરીને દાન પણ કરી દીધું છે. આટલાં પુરાણો રચ્યાં છે, આટલું આટલું કાર્ય કરવા છતાં મને જાણે અપૂર્ણતાનો અનુભવ થાય છે. બ્રહ્મજ્ઞાની કહે છે મારી અશાંતિનું કારણ શું છે? શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય.

પરમાત્માની કેવી સુંદર વ્યવસ્થા છે! અધ્યાત્મપથ પર ગાંઠ પડે, પ્રશ્નનું સમાધાન ન મળતું હોય ત્યારે વ્યવસ્થા જ એવી છે કે ક્યાંકથી ઉકેલ મળે. પરમાત્માની સહાય કરનારી શક્તિ નારદજી છે. નારદજી સહાયક શક્તિ છે. નારદજી વ્યાસજીને પૂછે છે, ''વ્યાસજી આપ ચિંતિત કેમ જણાવ છો? કારણ શું છે?'' વ્યાસજી કહે છે, ''મને અપૂર્ણતાનો અનુભવ થાય છે, કંઈક ખૂટે છે એવું લાગે છે.''

નારદ કહે છે, ''તમે જાણવા યોગ્ય જાણ્યું છે, પામવા યોગ્ય પામી લીધું છે પણ માણવાનું રહી ગયું છે.''

વેદાંતને જાણી લીધા પછી તેને માણવાનું છે. વેદાંતમાં પરમાત્માના નિરાકાર સ્વરૂપને સુંદર રીતે સમજાવ્યું છે. પરમાત્મા જ્યારે સગુણ સ્વરૂપ ધારણ કરી અવતરણ કરે, લીલા કરે ત્યારે તેમનું દર્શન અદ્ભુત હોય છે. નિર્ગુણ નિરાકાર વાસ્તવિક સ્વરૂપનું સગુણ સાકાર સ્વરૂપ સાથે એકત્વ સાધ્યું. ચિત્તની વૃત્તિ ભગવાનની લીલાને માણવા તત્પર થઈ. એ દર્શન એટલું મધુરું હતું, જેણે વેદોનો વિસ્તાર કર્યો તે આનો વિસ્તાર કરી જ શકે, રસપાન કરાવી જ શકે. હવે એના વાસ્તવિક સ્વરૂપમાં એમનો નિર્ભેળ પ્રેમ ઉમેરાયો. વ્યાસજી એનું દર્શન કરતાં જ દ્રવિત થઈ ગયા.

સ્વામીજીએ મને આજે જે વિષય આપ્યો છે, આજે કોઈ પસંદ નથી કરતા. સાગરના પેટાળમાં જે પડ્યું છે તે શોધી જગત સામે મૂક્યું તે અદ્ભુત છે, હું વેદાંતી છું, મારે ભક્તિનું શું છે! સર્વાત્મભાવ થઈ જાય એ દીર્ઘ દૃષ્ટિથી સ્વામીજીએ આ વિષય પસંદ કર્યો છે. પ્રેમ એવું અદ્ભુત તત્ત્વ છે કે રસપ્રદ થઈ જાય. ગોપીઓ ક્યાં વેદાંત ભણવા ગઈ હતી! સંપૂર્ણ શાસ્ત્ર વાંચીએ તો ખ્યાલ આવશે એમાં વેદાંત સિવાય કંઈ નથી.

આપણી નજર સમક્ષ ગોકુળનું દૃશ્ય એક વાર ખડું થઈ જાય તો સમય ક્યાં પસાર થઈ જાય, તેની ખબર જ ન પડે. સંગમમાં સ્નાન કરતાં પાપોનો નાશ થાય. શાસ્ત્રોનું અધ્યયન કરી નવા સંસ્કાર પેદા નહીં થાય, તેથી શું થશે! 'હું પદ' ઓગળી જાય, 'મારા-તારા'નો ભેદ ભાગી જાય. આપણી અંદર બેઠેલા આપણા જ શત્રુઓ અંદર બળી જાય. અઘાસુર આપણી અંદર જ છે. પૂતના કેટલાય જન્મોથી આપણી પાછળ પડી છે. બધાં અંદર જ છે. આ બધાં આપણાથી દૂર કૃપાથી જ થાય. સ્વપ્રયત્નથી જે ન થાય તે ભગવદ્કૃપાથી થાય. હવે બીજો જન્મ નથી જોઈતો, એના માટે કંઈક કરવું પડશે. એના માટે સ્વમાં સર્વાત્મભાવ સૌમાં બ્રહ્મના દર્શન કરવા પડશે. તે માટે ભગવત્કૃપા જોઈશે.

કેટલાં વર્ષો બાળપણમાં ખેલકૂદમાં ગયાં. યુવાવસ્થા કેમ ગઈ છે આપણને આપણી અવસ્થા ખબર છે. કોઈક વિરલે જ સદુઉપયોગ કર્યો છે. હવે શરીર કામ નથી કરતું.

બાવડાંના બળે પરમાત્માને જાણવો મુશ્કેલ છે. જો ભગવત્કૃપા થાય, શરણાગતિ થાય, હું બ્રહ્મ છું એવું દૃઢ થાય તો શક્ય બને. આપણી વૃત્તિઓ ઊછળી પડે, ભાવ બદલાઈ જાય, બધું જ પરમાત્મા છે - કૃષ્ણ છે - નારાયણ છે એ ભાવ જાગે, પૂર્ણ સમર્પણ આવે, હૃદયમાં પ્રેમ જાગે, મૂર્તિમાં કૃષ્ણ છે પણ 'એકોઽહમ્ બહુસ્યામ્' ભાવ આવે એવું સ્વીકારીશું, દૃઢ કરીશું ત્યારે સમજાશે એ અંતર્યામી અંતરના એક-એક ભાવને જાણનારો છે. જેવા ભાવથી શરણાગતિ સ્વીકારી હશે તેવું ફળ મળશે, પૂર્ણ ભક્તિ તો સંપૂર્ણ સમર્પણને કહેવાય.

જો નવધા ભક્તિમાંથી માત્ર એક જ ભક્તિનો આધાર લીધો હશે - હરિલીલાનું શ્રવણ, અર્ચન લીલાનું વર્ણન, દાસ્યભાવ, સખ્યભાવ, પૂજા, અંતરનો ભાવ

જોડ્યો હશે તો ગોપીઓનો કેવો મધુર ભાવ હતો, કશી વિધિ નહીં, બધું જ કૃષ્ણ છે એવો ભાવ જાગી જાય તો પણ બધું શ્રેષ્ઠ થઈ જાય. શબરીની જેમ બધું ન્યોછાવર થઈ જાય. ભક્તિથી બ્રહ્મની અનુભૂતિ થઈ જાય.

શુકદેવજી મહારાજ પૂર્ણ વૈરાગી, જન્મતાંની સાથે જ ભાગ્યા. વ્યાસ મહારાજે મોટી ઉંમરે પુત્રપ્રાપ્તિ કરી હતી. તેઓ 'હે પુત્ર! હે પુત્ર!' બોલતાં જંગલે જંગલે ભટકવા લાગ્યા. સરોવરની પાળે ઊભેલાં વૃક્ષો બોલ્યાં, 'તમારો પુત્ર જનતાના ઉદ્ધાર માટે આવ્યો છે, ઉપકાર કરવા આવ્યો છે, તેને અમારા નમસ્કાર.'

તપ કરતાં કરતાં હવે શુકદેવજી સોળ વર્ષના થયા હતા. વ્યાસજીના શિષ્યો સમિધ લેવા માટે જંગલમાં જાય ત્યારે તેમને ભય ન લાગે માટે શ્લોક ગાતા. એ ચાર શ્લોક શુકદેવજીએ સાંભળ્યા, એ પણ અધૂરા. આ વિરક્ત મહાપુરુષ શ્લોક સાંભળી તન્મય થઈ ગયા. વિચારવા લાગ્યા કે આ કોની રચના હશે?

આ અનુભૂતિનો કેવો પ્રભાવ છે, એ શુકદેવજી ભાગવત સાંભળવા તત્પર થયા. તેઓ સાંગોપાંગ વેદાંતની મૂર્તિ છે, જે ભક્તિ સાંભળવા તૈયાર થયા. આશ્રમ પાછા ફર્યા. પરમહંસ પુરુષ ભાગવતનો અભ્યાસ વ્યાસજી પાસેથી કરે છે.

પરીક્ષિત પાસે સાત દિવસનો સમય છે. સાત દિવસમાં મોક્ષ મેળવવા વૈરાગ્યપૂર્ણ થઈ નીકળી પડ્યા છે. રાજપાટ, અન્ન-જળ છોડી દીધા છે. તેઓ એકમાત્રની મોક્ષની ઇચ્છાવાળા શુકદેવજી પાસે પધાર્યા છે અને તેમનો ઉદ્ધાર થઈ ગયો. પ્રેમ અને વેદાંતના સંગમથી કર્મો બળીને ભસ્મ થઈ જાય છે, આવાં તો અનેક દૃષ્ટાંત છે.

ભાગવતના એક-એક સ્કંધમાં નર્યું અમૃત ભર્યું છે. ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વરૂપ, નિર્ગુણ સાકાર સ્વરૂપ, સગુણ સાકાર સ્વરૂપ આપણને આત્મસાત્ થઈ જશે. ભાગવતમાં બધે આ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, બધું એમાં છે.

ગોપીઓ, નંદ-જશોદાએ કૃષ્ણને પુત્ર જાણી પ્રેમ કર્યો છે, એમને શું મળ્યું. સૌની વૃત્તિ કૃષ્ણાકાર થઈ ગઈ છે ત્યારે પ્રભુને મથુરા જવાનું થયું. અહીં બધાં વિરહમાં તડપે છે. તેમના વિરહને શાંત કરવા ભગવાન ઉદ્ધવજીને મોકલે છે, એ મિલન સંગમનો અભ્યાસ કરો તો તરત જ ખ્યાલ આવે કે ભક્તિ અને વેદાંતની અનુભૂતિ અદ્ભુત છે.

ઉદ્ધવ વેદાંતી છે, ગોપીઓ પ્રેમમય છે. ઉદ્ધવ પહોંચ્યા. સંધ્યા સમય થવા આવ્યો છે. એ સમયનું અદ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે. ઊડેલી ધૂળ આકાશમાં છવાઈ ગઈ છે. પક્ષીઓનો કલરવ છે, યમુનાજીનો કલરવ છે, એ માણતાં માણતાં ઉદ્ધવ જાય છે. ગોકુળમાં આરતી, ધૂપ-દીપ થઈ રહ્યા છે. આ અદ્ભુત વાતાવરણ ઉદ્ધવને આકર્ષે છે. નંદબાબાએ તેમનું ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું છે. સુંદર ભોજન કરાવ્યું છે. રાત્રે ઉદ્ધવજીને સુવાડ્યા છે. બલરામ-કૃષ્ણના બાલસખાઓએ ચરણસેવા કરી તેમનો થાક ઉતાર્યો છે. ત્યારે સંવાદ થાય છે-કૃષ્ણ અમને યાદ કરે છે? કૃષ્ણ ગોકુળમાં આવ્યા, ત્યારથી એક એક પ્રસંગ કહેતા જાય છે અને પૂછે છે-કૃષ્ણ અમને યાદ કરે છે? કૃષ્ણલીલાનાં ગીતો સાંભળી ઉદ્ધવને તન્મયતા થાય છે. તેમનો રથ જોઈ લોકો દોડી આવતા. કૃષ્ણ જેવા એમના સખા મથુરાથી કૃષ્ણનો સંદેશો લઈને આવ્યા છે. બધાં એકઠાં થયાં છે. આ સંગમ માણવા જેવો છે. જો આનું મંથન થાય તો અમૃત પ્રાપ્ત થાય બધાંની એક જ વાત - કૃષ્ણ અમને યાદ કરે છે ? બીજો પ્રશ્ન - કૃષ્ણ આવશે? ઉદ્ધવ જવાબ આપે છે, 'આવશે.'

ઉદ્ધવ જ્ઞાનીભક્ત હતા. તેઓ કહે છે, ''તમારી વૃત્તિ કૃષ્ણાકાર બની જશે ત્યારે તમને એમની અનુભૂતિ થશે.''

એમની રીતે એ સમજાવે છે, પણ જે શાંતિ, આહ્લાદકતા ગોપીઓના ચિત્તમાં છે, તેમના વિરહમાં પણ આનંદ છે. એ સમયે એક ગોપી પાસે ભ્રમર આવે છે અને ભ્રમરગીત રચાયું છે, એ અદ્ભુત છે. ગોપી પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરે છે, ''હે! ભમેલા, ફરતો ફરતો અજાણ્યા દેશમાંથી આવ્યો. દિનદશાનું ભાન ન હતું. અહીંના બગીચાનાં ફૂલમાંથી રસ ચૂસવા લાગ્યો. મદમસ્ત થયો. તને કોઈએ કહ્યું કે ગોકુળનાં ફૂલથી મથુરાનાં ફૂલ વધુ રસવાળાં છે, એટલે તું ત્યાં ચાલ્યો ગયો. હવે અહીં શા માટે આવ્યો. અહીંથી ચાલ્યો જા.''

સંદેશાના આધારે ભગવાને કહ્યું હતું-હું આવીશ. એ સંદેશાના આધારે આશાના કિરણે બધાં જોડાયેલાં છે.ગોપીઓનું પ્રભુ સાથેનું ઐકય એવું છે કે જે પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણી જ લીધું છે. કૃષ્ણ સાથે તદાકાર છે તેવી જ રીતે વાત કરે છે. બેડું ઊંચકે છે તો પણ કૃષ્ણને યાદ કરે છે. કાંટો વાગ્યો તો પણ કૃષ્ણે કાઢ્યો એમ કહે છે. તેને બીજું કોઈ યાદ જ નથી આવતું .

કૃષ્ણ ગોપીઓનો આત્મા છે, પરમાત્મા છે. કૃષ્ણ-ગોપીની એકતા છે, દેહ જુદા છે. તેઓ કૃષ્ણને પતિ તરીકે પામવાનું વ્રત કરતી હતી, પ્રભુ વસ્ત્રાહરણ કરે છે ત્યારે જ તેમનાં આવરણ ભેદી નાંખ્યાં છે. ગોપીઓને કહ્યું કે, ''હાથ ઉપર કરો. નિર્વસ્ત્ર સ્થિતિમાં આવો.'' એમણે આવરણ છોડવાનાં હતાં ભગવાને છોડાવ્યાં આ જે ઐક્ય છે તે ભક્તિને જ્ઞાનપ્રાપ્તિ તરફ પ્રેરે છે. શુષ્ક જ્ઞાન કરતાં પ્રેમથી અભ્યાસ કરીએ.

વિવેક - વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુક્તિની ઝાંખી પણ કરતાં હોઈએ તો પણ એ માણવા પ્રેમ જોઈએ, એની સાથે એકતા કરીએ, પ્રેમ જોડીએ તો વાસ્તવિક સ્વરૂપને માણી શકીએ.

ભાગવત માણવાનું શીખવે છે. ગોપીઓએ માણ્યું. ઉદ્ધવે માણ્યું. કૃષ્ણને માણવા માટે, જે તત્ત્વરૂપે છે એ દઢતા ત્યારે થશે જ્યારે સત્યરૂપે જાણી શકાય.

ભગવાને બધાંને ભેગાં કરી કહ્યું ''તમને બધાંને મૂકીને હું દ્વારિકા ગયો. હવે હું તમને બધાંને સાથે રાખીશ. મારી પત્નીઓને જો મારું નિત્ય સાંનિધ્ય પ્રાપ્ત થતું હોય તો તમને પણ આપીશ. મારી ભૂલ સુધારીશ.'' ગોપીઓએ નક્કી કર્યું કે એક જ જણ જવાબ આપે. રાધિકા કહે છે,'' અમારા કૃષ્ણ અમારાથી દૂર ગયા હોય તો અમારે વિચારવાનું છે.'' એમના વિરહમાં પણ આનંદ છે. મિલનની અનુભૂતિ છે.

ભાગવતનો એક-એક શબ્દ વેદાંત ભક્તિનો સમન્વય છે. તમે ગમે તે ઘટના-રૂપક ઉપાડો, તેને આત્મસાત્ કરો, પછી જુઓ. જ્યારે તેના હાર્દમાં પહોંચશો ત્યારે પૂર્ણ વાસ્તવિક સ્વરૂપની જ અનુભૂતિ થાય છે.

ભક્ત કહે છે-અમારો પ્રભુ જ બ્રહ્મ છે, સર્વવ્યાપી છે; ભક્તને ભગવાનને શોધવા જવું પડતું નથી. હંમેશાં સાક્ષાત્ છે. મીરા ગાય છે, સામે કૃષ્ણ નાચે છે. ભગવાન-ભક્તિનું કેવું અદ્ભુત મિલન છે!, ભક્ત ભગવાનને પ્રાપ્ત કરવા તલસે, ભગવાન પોતાના પૂર્ણ આનંદસ્વરૂપનું દાન કરે.

આ જ્ઞાન આત્મસાત્ થાય ત્યારે આપણે વેદાંત - ભક્તિને અલગ નહીં કરીએ. ભક્તિના રસથી રસાયેલો વેદાંત હોય તો શબ્દોથી વર્ણવી શકાય તેમ નથી. જ્યાં ભક્તિ-વેદાંતનો સંગમ છે, ભાગવત ભક્તિથી રસાયેલું પૂર્ણ જ્ઞાન થાય ત્યારે આવાગમન રહેતું નથી. એ જાણ્યા પછી સગુણ સ્વરૂપને માણી શકીશું. આપણને બહિર્ચક્ષુથી વ્યવહાર કરવાની આદત છે, તેમાં પણ એ જ દર્શાય. એક વાર ડૂબકી મારવા મળી જાય, જીવન સાર્થક થઈ જાય.

# રામચરિતમાનસમાં ગુરુ-ભક્તિ

- શ્રી દેવપ્રસાદ બાપુ

**શ્રી રામદૂતં શરણં પ્રપદ્યે ॥**

પરમ શ્રદ્ધેય પૂજ્યપાદ સ્વામીજી મહારાજ, સંતગણો, આત્મજનો.

ગયા વર્ષે આવા જ એક સમયમાં અહીં ઉપસ્થિત થવાનું થયું હતું. રાત્રિનો સમય હતો. બહુ ઓછા શ્રોતામાં પણ ખૂબ આનંદ આવ્યો હતો.

દરિયાએ ઝરણાને કહ્યું, ''મારા જેવો મોટો થઈ જા.'' ઝરણાએ કહ્યું, ''મોટો થઈ ખારો થઉં, એના કરતાં નાનો રહી મીઠો રહું.''

શ્રદ્ધા મોટી છે, સંખ્યા મોટી નથી. ગયા વર્ષે પણ રામાયણ પર વિષય આપ્યો હતો. આ વખતે પણ રામાયણનો જ વિષય છે; રામચરિતમાનસમાં ગુરુ-ભક્તિ.

મને રામ અત્યંત પ્રિય છે. તેમના ઉપર મને અપાર સ્નેહ છે કારણ તેમની જીવનશૈલી સીધી લીટી છે. કૃષ્ણની આડીઅવળી લીટી છે, જ્યારે રામની સીધી લીટી છે. ક્યાંય સ્પર્શ કરી શકાય નહીં.

રામાયણના સંદર્ભમાં સ્વામીજીએ વિષય આપ્યો. ગુરુ માટે શબ્દપ્રયોગ થયો છે.

''ગુરુ ઐસા દીજિયે જૈસા પૂનમ કા ચાંદ
તેજ કરે, તપે નહીં, પર આપે શીતલતા''

તુલસી રામાયણમાં એક કથા છે. કાશીમાં એક ઘાટ પર તુલસીજી કથા કરે. કથામાં એમને એવા ભાવ આવ્યા કે તેમણે 'શ્રીરામચન્દ્ર કૃપાલુ ભજમન' સ્તુતિ હૃદયમાંથી સ્ફૂરી અને ગાઈ. એ સ્તુતિ ત્યાંના લોકલ પેપરમાં પ્રસિદ્ધ થઈ. વારાણસીમાં વાસંતી નામની વારાંગના રહે. તેણે આ સ્તુતિ વાંચી. તેણે વિચાર્યું, જેણે આ લખ્યું છે તેને મળવું જોઈએ. વાસંતી ખૂબ પ્રખ્યાત સુંદરી હતી. તેણે આખું વારાણસી કબજે કર્યું હતું. તે તુલસી કથા કરે છે, તે ઘાટ પર પહોંચી. તેને દૂરથી આવતી જોઈ તુલસીજીની બાજુમાં કોઈ વ્યક્તિ હશે તેણે દરવાજો બંધ કરી દીધો. તુલસીજીએ પૂછ્યું કે દરવાજો કેમ બંધ કર્યો. તે વ્યક્તિએ કહ્યું કે દરવાજા પર જે સ્ત્રી આવી છે એના પડછાયાથી પાપ લાગે, વારાંગના છે. થોડી સેકંડ રહી તુલસીજીએ દરવાજો ખોલ્યો. સામે રૂપરૂપના અંબાર સમી વાસંતી ઊભી હતી. તુલસીજીએ કહ્યું, ''બેટા, બાહર ક્યૂં ખડી હો? અંદર આ જાઓ,'' વાસંતીએ કહ્યું, ''આજતક સબને મુઝે ઓર નજર સે દેખા, આજ ઐસી વ્યક્તિને દેખા જીસને મુઝે બેટી કહા.'' મહારાજજી મૈંને આપકી સ્તુતિ પઢી - ઉસ પદકો લેકર આઈ હૂં મૈંને ઉસે પરમેશ્વરી રાગ મેં ગાયા.'' વારાંગનાનું કામ જ છેઃ ગાવું-બજાવવું - નાચવું. વાસંતીએ પરમેશ્વરી રાગમાં ભજન ગાયું. તુલસીજી ઓતપ્રોત થઈ ગયા. ભજન પૂરું થયું એટલે તુલસીજીએ વાસંતીને કહ્યું, ''બેટા, કલ ભી આ જાના.'' સત્ર શરૂ થાય એ પહેલાં વાસંતી આવી ગઈ અને એ દિવસની આખી કથા સાંભળી. ત્રણ દિવસ આવી. ચોથા દિવસે ન આવી તુલસીજીએ પૂછ્યું, ''વાસંતી ક્યોં નહીં આઈ ? જબ તક વાસંતી નહીં આયેગી કથા નહીં હોગી.'' લોકોને લાગ્યું મહારાજ વાસંતીના પ્રેમમાં પડી ગયા લાગે છે. તુલસીજી પણ વાસંતીને શોધવા નીકળ્યા મહોલ્લામાં જઈ પૂછ્યું, ''વાસંતી કયાં રહે છે ?'' લોકોએ કહ્યું, ''જીસકા નામ આપકી જીહવા પર હૈ વો વારાંગના હૈ, સામને રહેતી હૈ.'' તુલસીજીએ જોયું તો ઘરે તાળું હતું કોઈને ખ્યાલ નહોતો કે વાસંતી ક્યાં ગઈ?

૨૦ વર્ષ પછી તુલસીજી બનારસથી અયોધ્યા પહોંચ્યા. એક દિવસ તેઓ સરયુ નદીમાં સ્નાન કરવા ગયા ત્યારે એક નાનકડા મકાનમાંથી અવાજ સાંભળ્યો. તેમની સાથે રહેલા સંતને કહ્યું, ''યે તો મેરી બેટી કી આવાજ હૈ.'' તેઓ એ મકાન તરફ દોડ્યા અને સીડી ચઢીને ઉપર ગયા તો જોયું કે વાસંતી આંખો બંધ કરીને ગાતી હતી. તુલસીજી બિલકુલ અવાજ કર્યા વગર

શાંતિથી આંખો બંધ કરી બેસી ગયા અને ભજન સાંભળી રહ્યા. વાસંતીની આંખમાંથી દડદડ આંસુ વહી રહ્યાં હતાં. જ્યારે વાસંતીએ આંખો ખોલી ત્યારે તુલસીજીએ એને પૂછ્યું, ''બેટા, કહાં ચલી ગઈ થી?'' ત્યારબાદ એ બંનેનો સંવાદ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યો છે. વાસંતીએ તુલસીજીને કહ્યું,'' જબ સે મૈંને આપકી સ્તુતિ ગાઈ તબસે મેરે શરીર મેં સે કામ ચલા ગયા. રામ બસ ગયા. મૈં યહાં ખાના બનાકર ખિલાના ચાહતી હૂં, પર અભી તક મેરે હાથ કા ખાના ખાને કોઈ નહીં આયા.'' તુલસીજી એ કહ્યું, ''તું બનાવ, હું ખાઈશ.''

તુલસીજીને આ પ્રસંગનો ઉત્તરકાંડમાં સમાવેશ કરવો પડ્યો. જેણે શરીરનો વેપાર કર્યો તેને પણ મુક્તિના પંથે વાળવાનું કામ કર્યું, કારણ વાસંતીએ પોતાની એવી પાત્રતા તૈયાર કરી દીધી.

લોકો કહે છે કે મને સરખા ગુરુ મળતા નથી પણ આપણને આપણી અનુકૂળતા પ્રમાણેના ગુરુ જોઇએ છે. શાસ્ત્ર કહે છે, ગુરુને શોધશો નહીં, સારા શિષ્ય બની જાવ. અર્જુન શિષ્ય નહોતો બન્યો, ત્યાં સુધી ભગવાને કશું જ કહ્યું નહીં, પછી જ જ્ઞાન આપ્યું.

અયોધ્યા જાવ તો જોજો સરયુના કિનારા પર ડાબી બાજુ આજે પણ વાસંતીની સમાધિ છે. જીવનના અંતકાળમાં ભગવાનને ભજીને જેણે જીવનનું કલ્યાણ કર્યું.

રામચરિતમાનસના સંદર્ભમાં જોઇએ તો બે પાત્રો એવાં છે જેમની ગુરુભક્તિ અનન્ય છે. સુતીક્ષ્ણ અને શબરી.

સુતીક્ષ્ણજી રામનું ધ્યાન ધરતા હતા. ભગવાન રામ તેમની સામે પ્રગટ થયા પણ તેમની આંખો બંધ જ હતી. ભગવાને તેમના અંતરમાંથી રામરૂપ દૂર કરી. નારાયણનું રૂપ ધારણ કર્યું અને તેમની આંખ ખૂલી ગઈ. જોયું તો સામે સાક્ષાત્ રામ ઊભા હતા.

ભગવાન વ્રજ છોડી મથુરા જાય છે ત્યારે માત્ર રાધા તેમને મળવા ના આવી. સખીએ રાધાને કહ્યું, ''કનૈયાને કહું છું રાધા રસ્તામાં તને મળવા ઊભી છે.'' રાધાએ મળવાની ના પાડી. આ વાત જાણી ભગવાન છલાંગ મારી રાધાને મળવા ગયા. જે જાય તે મળવા આવે. પછી રાધા-કૃષ્ણનો સંવાદ થાય છે. ભગવાન રાધાને પૂછે છે, ''હું વ્રજ છોડીને જઉં છું, તારે કંઈ જોઈએ છે?'' રાધા કહે છે, ''તેં અમારી આટલી જ કદર કરી! તું આટલાં વર્ષ અહીં રહ્યો. અમે તારી પાસે કંઈ માગ્યું? અત્યાર સુધી તારી સાથે જે પ્રેમ કર્યો એ અમે ભૂલી નહીં શકીએ. તું કદાચ ભૂલી જઈશ. અહીં વ્રજમાં તેં અનેક તોફાન કર્યાં છે. વ્રજ છોડીને જાય ત્યારે એવું કામ ન કરતાં, જેથી તમારું અપમાન થાય.'' કૃષ્ણ કહે છે, ''તારું વચન હું નિભાવું છું તેનું પ્રમાણ શું?'' રાધા કહે છે, ''એક વાત સ્પષ્ટ કહું તારા કરતાં તારી વાંસળી પર પૂરો વિશ્વાસ છે.'' કૃષ્ણ કહે છે, ''અત્યાર સુધી વ્રજને ગાંડું કરવા જે વાંસળીના સૂર છેડ્યા હતા તે વાંસળી તને આપીને જાઉં છું.''

૩૦ વર્ષ પછી રાધિકાને કોઇએ કહ્યું, ''દ્રૌપદીનાં ચીર ખેંચાયાં. ભીષ્મ પણ તેને બચાવી શક્યા નહીં ત્યારે દ્વારિકાના કૃષ્ણે બચાયાં.''

રાધિકા દ્વારકા આવ્યાં. કોઇએ સમાચાર આપ્યા રાધિકા આવ્યાં અને પ્રભુ છલાંગ મારતાં નીચે ઊતર્યા.

રાધિકાએ કૃષ્ણને પૂછ્યું, ''દુઃશાસને દ્રૌપદીનાં ચીર ખેંચ્યાં, તે તમે પૂર્યાં. દ્રૌપદીએ દ્વારિકાનાથ તરીકે બોલાવ્યા ત્યારે તમે મદદે આવ્યા, એ વાત સાચી? તમને એવી કુટેવ ક્યાંથી પડી કે પોકાર કરે ત્યારે જ જવું! દ્રૌપદીનો એક હાથ છાતી પર હતો ત્યાં સુધી તું ન ગયો. બે હાથ ઊંચા કર્યા ત્યારે તું ગયો. બે હાથ ઊંચા કરે ત્યારે સ્ત્રીની શું હાલત થાય તેની તને ખબર નથી.'' કૃષ્ણ રાધિકાને સાંભળી જ રહ્યા.

સુતીક્ષ્ણ ઉપર પ્રભુ પ્રસન્ન થયા અને કહ્યું, ''તમારા ભજનથી-સાધનાથી હું પ્રસન્ન થયો છું, તારે શું જોઇએ?''

સુતીક્ષ્ણે કહ્યું, જીવન પર્યંત તમારા ચરણની ભક્તિ મળે. ''ભગવાને તત્ક્ષણ ભક્તિ આપી. થોડો

સમય પસાર થયા પછી સુતીક્ષ્ણ ભગવાનને કહે છે,'' મેં માગ્યું તે તમારા કહેવાથી માંગ્યું. હવે મારે જે માંગવું છે તે માંગુ.''

ભગવાન કહે, ''માંગ''

સુતીક્ષ્ણ કહે, ''મારા સદ્‌ગુરુ અગત્સ્ય ઋષિ પાસે વિદ્યા ભણી હું પાછો આવતો હતો ત્યારે મેં એમને પૂછ્યું કે ગુરુદક્ષિણામાં હું શું આપી શકું? ત્યારે મારા ગુરુદેવે કહ્યું કે જો તારામાં સામર્થ્ય હોય તો મને ભગવાનનાં દર્શન કરાવજે. તો પ્રભુ! જો તમારી આજ્ઞા હોય તો આશ્રમ નજીક જ છે તો આપણે જઈએ.'' પ્રભુએ સંમતિ દર્શાવી. તેઓ આશ્રમ પહોંચ્યા. સુતીક્ષ્ણે ગુરુદેવને કહ્યું, ''અનંતકોટી બ્રહ્માંડ નાયક ભગવાન રામ આપને ત્યાં પધાર્યા છે.''

શિષ્ય લાયક હોય તો ગુરુને ભગવાન સુધી લઈ જાય.

એક કથા છે. ગામના ચોરે એક મહારાજ કથા કહે. એક ભરવાડ રોજ ત્યાંથી બકરાં લઈને પસાર થાય અને જોરથી મહારાજને પૂછે, ''મહારાજ! મારા ઠાકર ક્યાં છે?'' એકવાર મહારાજ કંટાળ્યા અને કહ્યું, ''તારા ઠાકર પેલા ભમરિયા કૂવામાં છે.'' ભરવાડે તો આ સાંભળી ભમરિયા કૂવામાં કૂદકો માર્યો. ભગવાનને ચિંતા થઈ. તેઓ કૂવામાં પ્રગટ થયા. ભરવાડે કહ્યું, ''ભગવાન તમને કોઈ જગ્યા ન મળી તે અહીં રહ્યા છો! મારો વાડો બહુ સરસ છે. તમે ત્યાં ચાલો.'' ભગવાનને ત્યાં રાખ્યા અને નાનાં બકરાં સાચવવા આપ્યાં.

સાંજ પડે તે પાછો કથાકાર પાસે પહોંચ્યો અને મહારાજને કહે, ''હવે કોઈને કહેતા નહીં કે ભગવાન ભમરિયા કૂવામાં છે. એ તો મારા પીપળે બેઠા છે.'' કથાકાર તેની સાથે તેના વાડે ગયા પણ તેમને ભગવાન દેખાયા નહીં.

સદ્‌ગુરુ પ્રત્યે આપણી નિષ્ઠા પ્રબળ હોય એવું શિષ્યત્વ આપણે પ્રાપ્ત કર્યું હોય તો ભગવાનનાં દર્શન થાય. સુતીક્ષ્ણ લાયક શિષ્ય બન્યો. સદ્‌ગુરુ શોધવા કરતાં લાયક શિષ્ય બની જાવ.

બીજું પાત્ર શબરી.

રાવણ રામાયણનું દુષ્ટ પાત્ર છે. તેણે ભગવાન પ્રત્યે દ્વેષ કર્યો. આંતરમનને તપાસો તો એના જેટલો પ્રેમ કોઈએ નથી કર્યો. શૂર્પણખાના આંતરમનને તપાસો તો તેને પણ પ્રેમ જ હતો. આપણા સમાજમાં કોઈ પોતાના બાળકનાં નામ સુદામા કે શબરી નથી પાડતા. કોઈ ગરીબ-અમીર માણસની દોસ્તી પૂછો તો સુદામા-કૃષ્ણ સાથે સરખાવીશું.

સુદામા ચરિત્રનો પરિચય આપતાં વ્યાસજીએ એક શબ્દ લખ્યો-જેની સંપત્તિ બ્રહ્મ છે. પત્નીએ સુદામાને ગરીબી દૂર કરવા મદદ માટે કૃષ્ણ પાસે જવા કહ્યું ત્યારે સુદામાએ કહ્યું, ''મારે ઈશ્વર સાથેનો સંબંધ અભડાવવો નથી'' ત્યારે પત્નીએ કહ્યું, '' દર્શન માટે જાવ.''

પ્રભુએ સુદામાને સોનાના સિંહાસન પર બેસાડ્યા છે. ચરણપ્રક્ષાલન કર્યાં. પગમાંથી કાંટા કાઢ્યા અને પૂછ્યું, ''મારાં ભાભીએ મારા માટે પોટલીમાં શું આપ્યું છે?'' સુદામાને સંકોચ થયો. પ્રભુ તેમની પાસેથી પોટલી ખેંચીને એક મુઠ્ઠી – બે મુઠ્ઠી એમ ખાવા લાગ્યા. રુક્મિણીએ રોક્યા. રુક્મિણીએ વિચાર્યું કે આખા બ્રહ્માંડનું સુખ આપી દીધું, હજુ વધારે ખાશે તો અમારે એને ત્યાં દાસી થવું પડશે.

સુદામા ગયા ત્યાં પ્રભુએ બૂમ પાડી, ''તારી પોતડી ભૂલી ગયો.'' રુક્મિણીએ ઠપકો આપ્યો. તેમણે પ્રભુને કહ્યું, ''તમારું પીતાંબર પહેરીને જાય છે, એમાં તમારો જીવ છે. ચંપલ પણ આપી દો ને. સુદામા ઉઘાડા પગે જાય છે.''

પ્રભુ કહે છે, ''સુદામા ઉઘાડા પગે જાય એ મને માન્ય છે.''

ભગવાન કહે છે, ''વ્રજને પાવન કરવાની ક્ષમતા હતી. દ્વારિકાનાથ બન્યા પછી દ્વારિકાની રજ પાવન કરવાની ક્ષમતા હવે મારામાં નથી, એ સુદામાના ચરણમાં છે, માટે એને ખુલ્લા પગે જવા દો.''

એવું અદ્ભૂત ચરિત્ર છે.

શૂર્પણખા રાક્ષસી હતી, સુંદરી બની. ભગવાનને કહે છે, ''મારે તમારી સાથે લગ્ન કરવાં છે.'' આવું કહેવાની પણ હિંમત જોઇએ ને!

સ્વામીનારાયણ સંતો આશીર્વાદ આપી કહે - ''રાજીપો રાખજો.'' શબ્દ નાનો છે, પણ અર્થસભર છે. બીજાનો રાજીપો આપણી પાસે આવે ત્યારે સમજી લો કે આપણો અહં દૂર થયો છે. આપણે તો બીજાનો રાજીપો જોઇ શકતા નથી. બીજાના સુખે સુખી થવું અઘરું છે. જો સંતોષ અનુભવીએ તો આપણા જેવું કોઇ અમીર નથી.

શૂર્પણખામાં નૈતિક હિંમત હતી કે કહ્યું, ''મારે લગ્ન કરવાં છે.''

ભગવાને વિવેકથી જવાબ આપ્યો, ''હું પરણેલો છું. મારો ભાઇ કુંવારો છે.''

શૂર્પણખાને રાગ થયો.

રાગ માગે માટે શૂર્પણખા ભગવાન પાસે ગઇ.

ભગવાન અનુરાગ પાસે જાય, માટે શબરી પાસે ગયા. અનુરાગ જેવું હોય તેવું વ્યક્ત કરે. રાગ હોય બીજું, બતાવે બીજું. રાગ છુપાવે. અનુરાગ છુપાવે નહીં.

શબરી પ્રભુને કહે, ''પ્રભુ! મારી વિનંતી એ છે કે આપ ઋષિમુનિઓ પાસેથી આવ્યા. તેમણે આપની સ્તુતિ, પ્રાર્થના કરી હશે. હું અભણ છું.''

ભગવાન ભણેલાંને ઓછા મળ્યા છે. અભણને જલદી મળ્યા છે. અક્ષર સાથે લેવાદેવા નથી એવા માણસોને ભગવાન જલદી મળ્યા છે.

એક મહાત્મા-માધવદાસ. તેઓ ભજન કરે ત્યારે ભગવાન એમની પરિક્રમા કરે. ભજનની પ્રબળતા એટલી વધી કે ભગવાન મહાત્માને પજવે. મહાત્મા ગુસ્સે થયા. ભગવાન ભાગ્યા. આગળ ભગવાન પાછળ મહાત્મા. થોડે દૂર જઇ ભગવાન ઊભા રહી ગયા. ભક્તે પૂછ્યું, ''કેમ ઊભા રહી ગયા?'' ભગવાને કહ્યું, ''તું મને માર, પણ હાથથી નહીં, તંબૂરાથી માર. તમારું અનેકગણું પુણ્ય છે, માટે તમને દર્શન થયાં, પણ તમને મને સ્પર્શ કરવાનો અધિકાર નથી.''

ભક્તે પૂછ્યું, ''અધિકાર ક્યારે મળે?''

ભગવાને કહ્યું, ''અનુભૂતિપૂર્વકના સંત તમને અપનાવે નહીં ત્યાં સુધી.''

માધવદાસ હરિદાસ પાસે ગયા. હરિદાસ તપસ્વી મહાપુરુષ છે. હરિદાસે માધવને આશ્રમની ગાયો જંગલમાં લઇ જવાનું કામ સોંપ્યું. માધવદાસ ૧૪ વર્ષ ત્યાં રહ્યા. ચોમાસામાં માધવ ગાયોને લઇને પાછો આવ્યો નહીં. હરિદાસ વરસાદમાં બહાર નીકળી પડ્યા અને સૌને પૂછવા લાગ્યા, ''મારા માધવને ક્યાંય જોયો?''

માધવદાસ પાસે ભગવાન પ્રગટ થયા અને બાઝી પડ્યા.

માધવદાસે પૂછ્યું, ''પ્રભુ તમે મને કેમ સ્પર્શ કર્યો?''

પ્રભુએ કહ્યું, ''તમારા ગુરુએ કહ્યું, મારો માધવ ક્યાં છે? એટલે તારી પાત્રતા સિદ્ધ થઇ ગઇ.''

ભગવાને કહ્યું, ''શબરી! જેમણે પ્રાર્થના કરી તેમણે પોતાનાં અંતઃકરણ શુદ્ધ કર્યાં. જેથી મારામાં કોઇ તફાવત નથી પડ્યો. હું એવા પાત્રને શોધતો હતો, જેની પ્રાર્થના કરી હું મારા અંતઃકરણને શુદ્ધ કરું.''

શબરીએ કહ્યું, ''હું ભીલડી-સ્ત્રી-અબળા છું. તમારાં દર્શનથી આનંદ છે પણ મોટો આનંદ મારા સદ્ગુરુના કારણે છે. એમણે કહ્યું હતું, જા શબરી એક દિવસ તને ભગવાન મળશે. મારી ભક્તિ કરતાં સદ્ગુરુના શબ્દોને કારણે તમે મને મળ્યા છો.''

સદ્ગુરુના શબ્દોમાં વિશ્વાસ-ભરોસો જરૂરી છે. આપણી અનુકૂળતા જોવા જઇએ તો સદ્ગુરુ ના મળે.

ભીષ્મ પર દુષ્ટ દુર્યોધનના અન્નની અસર થઇ તો સામાન્ય માણસનું શું? જેનું તેનું ખાય છે.

રાવણ દુષ્ટ હતો પણ રાવણના રાજ્યમાં સીતા સુરક્ષિત હતી. ભીષ્મના રાજ્યમાં દ્રૌપદી સુરક્ષિત નથી.

ભગવાને કોઇ પાસે ભીખ માગી હોય તો તે પાત્ર કર્ણ છે. કર્ણે પ્રતિજ્ઞા લીધી હતી અર્જુન સિવાય

કોઈનો વધ નહીં કરું. કેટલું મોટું સામર્થ્ય! ભગવાનને મોટી ચિંતા એ છે કે દુર્યોધનના પક્ષમાં ભીષ્મ-કર્ણ છે ત્યાં સુધી જીતવું મુશ્કેલ છે પણ કૃષ્ણ આડી લીટીના છે. જે કુબજાને પરણી શકે, ૧૬૧૦૮ રાણીને સાચવી શકે. ભગવાને પાંડવોને કે રાવણને એક દીકરી આપી હોત તો સીતાનું હરણ ન થયું હોત. પાંચ દીકરાની મા વૃદ્ધાશ્રમમાં હોય, પાંચ દીકરીની મા વૃદ્ધાશ્રમમાં નહીં હોય. ગુજરાતમાં ૨૬૫ વૃદ્ધાશ્રમ છે. ભીષ્મના સામ્રાજ્ય કરતાં રાવણની નગરી વધારે સારી હતી. માટે જ તેમને પરશુરામ પાસેથી શીખેલી વિદ્યા અંતકાળે કામ ન આવી.

આરુણી ખેતરેથી પાછો ન આવ્યો. ત્યારે ગુરુ શોધતા શોધતા નીકળ્યા. બુદ્ધિપૂર્વક ભણેલી વિદ્યા કામ નથી આવતી, નિષ્ઠાપૂર્વક ભણેલી વિદ્યા કામ આવે છે. ભાવથી-લાગણીથી કૃપા મળે. કૃપા મળે ત્યારે જ વિદ્યા ફળે. ગુરુકૃપા ગોવિંદકૃપા હોય પણ આત્મકૃપા ન હોય ત્યાં સુધી અર્થ નથી.

ભગવાને શબરીની સ્તુતિ કરી. આ નવધા ભક્તિની સ્તુતિ છે. શબરી રામને કહે છે. અહીંથી થોડે દૂર જાવ, સુગ્રીવ મળશે. રામ ત્યાં પહોંચ્યા ત્યારે સૌએ જણાવ્યું કે પંપા સરોવરનું જળ પીવાલાયક નથી. આપ સ્નાન કરો અને એને શુદ્ધ કરો. ત્યારે ભગવાને કહ્યું, ''એને શુદ્ધ કરવાની ક્ષમતા મારામાં નથી, શબરીમાં એ ક્ષમતા છે,'' શાસ્ત્રમાં એનું પ્રમાણ છે.

ભગીરથે પ્રયત્ન કર્યા અને ગંગાને નીચે લાવ્યા. ગંગાએ કહ્યું, ''લોકો મારામાં સ્નાન કરશે તો સૌનું પાપ ધોવાશે. પણ એ બોજ મારાથી સહન નહીં થાય'' ભગીરથ કહે છે, ''ચપટીમાં દૂર થઈ જશે. કોઈ સંતમહાત્માનાં ચરણસ્પર્શથી પાપ સાફ થઈ જશે.''

સોલાપુરની બાજુમાં વિઠ્ઠલનાથજી ઊભા છે. ત્યાં પુંડરિકની સમાધિ છે.

પુંડરિકનું ચરિત્ર જાણવા જેવું છે. પુંડરિક સ્નાન કરવા જાય છે. ગંગા સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી સંતો પાસે આવે છે અને કહે છે, ''આ એવું પાપ કરીને આવ્યો છે, એને બાળવાની મારામાં ક્ષમતા નથી. એનાં મા-બાપને દુભવી મારી પાસે પાપ ધોવા આવ્યો છે.'' પુંડરિક આ સાંભળી ગયો. સ્વયં ગંગા પણ સક્ષમ નથી. તે પાછો ફર્યો. મા-બાપની સેવા કરી. ભગવાનને ઈંટ પર ઊભા રાખ્યા. સેવાથી પ્રાપ્ત થયેલી વિદ્યા પુંડરિકને ફળી. જેને ગુરુમાં ભરોસો નથી એ બહુ દુર્ભાગી છે.

મને અહીંયાં સ્વામીજીએ કહ્યું, સમયની મર્યાદા સાથે કામ કરવાનું છે. કોઈ પણ વસ્તુ હૃદયથી થાય ત્યારે ફળે છે.

બે મિત્રો ૨૫ વર્ષથી જોડે નમાજ પઢવા જાય. એક વખત એક મિત્ર ના જઈ શક્યો. તે રડવા લાગ્યો. તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. મિત્ર કહે છે, ''તું ચિંતા કર નહીં. મારી નમાજનું પુણ્ય હું તને આપું છું.'' એક ફકીરે આ સાંભળ્યું. તેણે પહેલા મિત્રને કહ્યું, ''તેં કેટલી મૂર્ખામી કરી. સાચા હૃદયથી કરેલું પ્રાયશ્ચિત્ત કરોડો નમાજથી વધારે પુણ્ય આપે છે.'' ભૂલ કરીએ પણ ભૂલ ફરી ન કરીએ તે પશ્ચાત્તાપ બહુ માટો છે. ફરી ભૂલ ના થાય તે પુણ્ય છે. તે પણ માનવીને ત્યારે જ મળે છે જ્યારે તેની પર સદ્ગુરુની કૃપા હોય છે.

તાડકાને માર્યા પછી પ્રભુ લક્ષ્મણને કહે છે, ''મારીચને પણ માર્યો હોત તો સારું થાત. મા વગરના દીકરાની દશા કેવી થશે?'' લક્ષ્મણે કહે, ''તમારી માયા અકળ છે.''

અહલ્યાનો ઉદ્ધાર કર્યો. પ્રભુએ કહ્યું, ''હું અહલ્યાનું સંતાન છું. હું કલંકને કાયમ માટે દૂર કરવા માંગું છું.'' ભગવાને લક્ષ્મણને કહ્યું, ''જે દીકરાને મા થી જુદો કર્યો હતો તે દીકરાને મા થી મેળવી દીધો.''

તુલસીએ રામચરિતમાનસમાં સદ્ગુરુ કેવા હોવા જોઈએ તેની ભૂમિકા બનાવી.

કાકભૂષંડીને ગરૂડજીએ પૂછ્યું, ''જે ઘટનાએ તમારા અંતઃકરણને આઘાત લગાડ્યો હોય તેવી ઘટના કહો.''

શસ્ત્રના ઘા રુઝાય, વાણીના ઘા ના રુઝાય માટે જ કહ્યું છે – સત્યં બ્રૂયાત્, પ્રિયં બ્રૂયાત્.

**અનુસંધાન પાના નં. ૧૦ ઉપર**

# પાતંજલયોગસૂત્રનો દૈનિક જીવનમાં વિનિયોગ

- શ્રી સ્વામી અસંગાનંદજી, હેરંજ

પરમ આદરણીય પૂજ્યપાદ સ્વામીજી,

આપ સૌ.

સ્વામી વિવેકાનંદ જ્યારે યુ.એસ.એ. ગયા ત્યારે એક વખત મેક્સમૂલર સાથે બેઠા હતા. સ્વામીજીએ હસતાં હસતાં પૂછ્યું, ''તમે ભારત આવ્યા નથી. તમને વેદો માટે આટલો બધો પ્રેમ છે તો ચોક્કસ ભારત આવો.'' વેદોનો પહેલો અનુવાદ મેક્સમૂલરે કર્યો છે. મેક્સમૂલરે સ્વામીજીને કહ્યું, ''હું ભારત નહીં આવું.'' આટલું બોલીને તેઓ ખોવાઇ ગયા. સ્વામીજીને થયું, મેં ખોટો પ્રશ્ન કર્યો? તો મેક્સમૂલરે ઉત્તર આપ્યો, ''હું ભારત નહીં આવું. જો હું ભારત આવીશ તો પાછો નહીં આવું.''

એમ જે વિદ્વાન છે ત્યાં વિદ્વત્તા વ્યક્ત છે. એક શબ્દથી ભારત માટેનો, સંસ્કૃતિ માટેનો ભાવ વ્યક્ત થાય છે.

વેદાંતી હોય, ભાવ હોય પણ વ્યક્ત ન થાય. ભક્તનો ભાવ વ્યક્ત થાય, ત્યાં આંસુ હોય, રોમાંચ હોય. જ્ઞાની ધ્યાન કરવા બેઠા છે. આંખો બંધ છે. ભાવ વ્યક્ત નથી પણ ઊંડો ભાવ હોય.

મોક્ષનાં સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે. પોતાના સ્વરૂપમાં અવસ્થિતિ જ્ઞાનીની હોય છે એવું મહર્ષિ પતંજલિ યોગના આચાર્યનું કહેવું છે. સંપૂર્ણ યોગને પૂર્ણતાથી વ્યક્ત કર્યો છે, જે ક્યાંય જોવા નહીં મળે. મહર્ષિ પતંજલિ ક્યારેક ગણિતજ્ઞ લાગે તો ક્યારેક વૈજ્ઞાનિક લાગે. યોગસૂત્રો શુદ્ધ વિજ્ઞાન લાગે, જેમાં ભાવ અને બુદ્ધિનો સમન્વય જોવા મળે છે.

મહર્ષિ પતંજલિના જીવનમાં એવું જ જોવા મળે છે. વૈજ્ઞાનિક લાગે પણ ભાવ પણ એટલો જ છે. ઈશ્વર પ્રત્યેનો ભાવ વ્યક્ત થાય છે. તેમણે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ઘણી બધી રીતો વર્ણવી છે. છેલ્લે કહ્યું છે, આ બધું સાધનાથી થઇ શકે પણ ઈશ્વર પ્રણિધાન - જો ઈશ્વરની શરણાગતિ હોય તો કશાયની જરૂર નથી.

જ્યાં ભાવની પ્રબળતા છે ત્યાં ભક્તિ સરળ હોય. યોગ દરેક સ્થિતિની વ્યક્તિ માટે ઉપલબ્ધ છે. વૈદિક સંસ્કૃતિ બધાં માટે ઉપલબ્ધ છે. કોઇ દારૂ પીતો હોય કે ચોરી કરતો હોય, તેની પણ દેવી હશે. વિશેષ રૂપમાં એ માર્ગને ચીંધતો ઉપાય બતાવે છે. અંતે વૃત્તિ તો મનને શાંત કરવાની જ હોય છે. આપણા જીવનના દરેક કાર્યમાં - ખાવા-પીવા, ઓઢવા-બેસવા, હરવા-ફરવા મહર્ષિ મદદરૂપ થઇ શકે છે અને પૂર્ણતા સુધી લઇ જઇ શકે છે.

રામકૃષ્ણ પરમહંસ દેવે એમના જીવનમાં એક સંતનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું હતું કે એક સંત ઓરડીમાં રહેતા. સંપત્તિને નામે નાનું કપડું પહેરતા. ભિક્ષાના સમયે અન્નક્ષેત્રમાં જાય. પાછા આવે, ઓરડીમાં જાય ત્યારે એટલી મસ્તીમાં હોય, આનંદમાં હોય કે જોનારને ઈર્ષ્યા થાય. કોઇ સંપત્તિ નથી, છતાં પણ આનંદની પરાકાષ્ઠા છે. બાળકની જેમ નાચે, મસ્તી કરે.

અમે નવા નવા ગુરુજી પાસે ગયા ત્યારે તેઓ ભજન કરાવતા

હરિ ૐ
પૈસા નથી, સગવડ નથી
છતાં આનંદ રહે છે... હરિ ૐ

જે આનંદ મારા હોવાપણાથી પ્રગટ થાય છે. હું કશું મેળવું છું એનું સુખ નથી, મારું 'હોવાપણું' પર્યાપ્ત છે એ જ શાશ્વત સુખ છે. તે મનુષ્ય સ્થિતપ્રજ્ઞ કહી શકાય.

આત્મા વડે આત્મામાં સંતુષ્ટ. મારા પોતાના

અસ્તિત્વ સાથે આત્મરતિ છે, એ મને શાશ્વત સુખમાં રાખી શકે છે.

**યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ**

આ સ્થિતિ બધી જ પીડાને હરનારી, બધી જ સફળતાને મેળવનારી હોય છે.

એક સંત થઇ ગયા-નિસર્ગ દત્ત. 'I am that' પુસ્તક તેમણે લખ્યું છે.

તેઓ મુંબઈની એક ચાલીમાં રહેતા. જ્ઞાનચર્ચા કરે. એક વાર સત્સંગ પૂરો થયો પછી મહારાજે ભક્તોને કહ્યું ઘરે જઇ પરવારીને પાછા આવો. થોડી સેવા છે. બધા નિત્યકર્મ કરીને આવ્યા ત્યારે મહારાજે કહ્યું, ''સવારે પત્નીનું શરીર શાંત થઇ ગયું છે. તેના અંતિમ સંસ્કાર કરવાના છે.'' દુઃખદ પ્રસંગ છે. વૃદ્ધાવસ્થામાં પુરુષને એકલા રહેવાનું બહુ મુશ્કેલ છે. બહેનો તો રસોડામાં જઇ શકે, ભાઇઓ તો એ પણ ના જઇ શકે. ૫૦ વર્ષ સુધી પુરુષોનું શાસન ચાલે, પછી બહેનોનું શાસન ચાલે.

સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ ગમે તેવું મોટું દુઃખ હોય તો પણ વિચલિત ન થાય. આત્મસ્થ હોય.

મહાભારત શ્રેષ્ઠ પ્રસંગ છે.

ભગવાનના મુખારવિંદથી ભગવદ્દગીતા પ્રગટ થઇ. ભગવદ્દગીતા ભગવાને ગાયેલાં ગીતો છે. યુદ્ધની ભૂમિમાં, યુદ્ધની ક્ષણમાં, જ્યાં હિંસા થવાની છે, જ્યાં જીવન-મરણનો પ્રશ્ન છે એવા સ્થાન પર દિવ્ય ગીતો પ્રગટ થયાં છે, જે કદી જૂનાં નથી થયાં. નવા નવા રાગમાં ગવાતાં જાય છે. IIMમાં અને અમેરિકામાં ભગવદ્દગીતા ભણાવાય છે.

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।**

આ એક શ્લોક મેનેજમેન્ટમાં પૂરતો છે.

વિકટ પરિસ્થિતિમાં ભગવાન ખૂબ જ શાંતિ, સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં હોય તો જ ગીત નીકળી શકે.

ભારત-પાકિસ્તાન સેના સામસામે હોય, નિર્ણાયક યુદ્ધની તૈયારી હોય અને આપણો સેનાપતિ કહે મારે તો નથી લડવું.

લગ્નની બધી જ તૈયારી થઇ જાય, જાન લઇને માંડવે જઇએ અને છોકરો કહે મારે તો લગ્ન નથી કરવું. આ પરિસ્થિતિમાં કોઇ ગીત સંભળાવી શકે?

એવી સ્થિતિમાં અર્જુન કહે છે હું નહીં લડું, ભગવાન હસતાં હસતાં સમજાવે છે. મહાભારતમાં જેમની પાસે નાની સેના છે તે જીતી જાય છે. કૌરવો પાસે અનુભવી આચાર્યો છે, મોટી સેના છે, છતાં હારી જાય છે. પાંડવો જીતે છે, કારણ ભગવાન ઉપસ્થિત છે. જેમની પાસે કોઇ શસ્ત્ર નથી, એમની ઉપસ્થિતિ માત્ર જીતનું કારણ બને છે. ભગવાનનું શસ્ત્ર બ્રહ્મવિદ્યા છે.

વિશ્વામિત્ર કામધેનુ માટે યુદ્ધ કરે છે પણ શસ્ત્ર વડે નથી હરાવી શકતા. આત્મનિષ્ઠાનું બળ જ આપણને ટકાવી શકે. પૈસા, શસ્ત્ર કે બાહુબળ નહીં ટકાવી શકે. આજે વૈભવ વધતો જાય છે, સુવિધા વધે છે, છતાં આપણી સમસ્યા વિકટ થતી જાય છે.

આજે ડૉક્ટરો ચિંતા કરે છે કે આવનારા સમયમાં ૨૫ થી ૪૫ વર્ષના લોકોને Massive heart attack આવશે, એવું બહુ જ બનવાનું છે. ડૉક્ટરો કહે છે, અમારી પાસે ૨ મહિનામાં આવા ૫ કેસ આવે છે. અમે કહેતાં ગભરાઇએ છીએ કે હવે શરીરમાં કશું નથી. આનું કારણ દારૂ નથી, માંસાહાર નથી, તમાકુ નથી, Stress છે. એનો ઉપાય દવા નહીં આપી શકે, ખાણીપીણી નહીં આપી શકે, યોગ અને અધ્યાત્મ જ આપી શકશે. તે આ બધી ઉપલબ્ધિનો સ્રોત છે.

જ્યારે માત્ર નિજ હોય, દ્રષ્ટા હોય. કેટલી વાર આપણે વિચાર કરતાં હોઇએ છીએ કે મનુષ્યની દરેક ક્રિયાના પ્રયત્ન પાછળનું પ્રેરકબળ શું છે?

આપણને સૌને સુખ, શાંતિ અને આનંદની ઇચ્છા છે. આપણને કોઈ પણ કાર્યમાં દુઃખ દેખાય તો

નહીં કરીએ. દરેક કામ સુખની અભીપ્સા માટે કરી શકીએ છીએ. સુખ શું છે? સુખને અનુભવી શકીએ છીએ, define નથી કરી શકતા. ઈચ્છાની પૂર્તિ થાય ત્યારે સુખ મળે. ઘર મળે, ગાડી મળે તો સુખ. આપણને સ્વપ્નમાં ઘર મળે તો સુખ મળે? સ્વપ્નમાં સુખ વધારે પ્રબળ હોય. સ્વપ્નમાં બધી લાગણી વધારે strong હોય. વસ્તુ સાચી હોય તો સુખ પણ મળે - દુઃખ પણ મળે.

હું એક ખેતરમાં રહેતો હતો. રાત પડે મજૂરો ઓરડીમાં સૂઈ જાય. એવા થાકેલા હોય કે મોઢું ખુલ્લું રાખીને સૂઈ જાય. હું છાનોમાનો તેમના મોંમાં સાકર મૂકી દઉં, પછી એમના expression જોઈએ તો ઊંઘમાં પણ બહુ જ આનંદ લેતો હોય. મને નથી લાગતું કે ઊંઘમાં દુઃખ હોય, શાંતિ અને આનંદ જ મળે, વસ્તુમાં સુખ - દુઃખ મળે છે. મારા સિવાય કોઈ છે જ નહીં, આ સત્યને ઉદ્‌ઘાટિત કરવું અને ક્ષણ ક્ષણને માણવી એ જ અધ્યાત્મ છે. હોય તોય સુખ, ના હોય તોય સુખ. હવે જ્યારે ચિત્ત એટલે દ્રષ્ટા પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત હોય છે, એમાં એક જાતની Harmony હોય છે. પોતાની સ્વસ્થિતિનો ભાવ છે. બધી ક્રિયામાં ઈન્દ્રિયો પોતાની રીતે વર્તી રહી છે, પરંતુ આત્મજ્ઞાનના પ્રકાશ સાથે આ થઈ રહ્યું છે. શરીરના અવયવો બધાં સંપીને કામ કરે છે. અલગ-અલગ કામ કરતા હોય છે, પણ તાલમેલ છે. શરીર કૃત્રિમ કિડનીને સ્વીકારતું નથી. બહારનું કોઈ યંત્ર આવ્યું હોય તે સંવાદિતાને બગાડે છે. વિદ્યામાં અવિદ્યા આવી, વૃત્તિ ભળી.

**વૃત્તિસારુપ્યમિતરત્ર।**

દ્રષ્ટામાં વૃત્તિ ભળી ગઈ તો અવ્યવસ્થા પેદા થાય છે. સ્થિર પાણીમાં આંગળી નાખીએ તો વમળ પેદા થાય છે, અવ્યવસ્થા ઊભી થાય છે. ક્રોધ આવ્યો. આખું તંત્ર બગડે. લોહીના એક ટીપામાંથી બધા ટેસ્ટ થઈ શકે.

ગુસ્સાવાળા માણસને પૂછશો, ''શું કરો છો? તો કહેશે, ''આંખો નથી?'' શાંત વ્યક્તિ શાંતિથી બધું બતાવશે. ક્રોધ બધે જ પ્રગટ થાય. વ્યવહારમાં, બોલવામાં બધે ક્રોધ છે. ગાડી ચલાવતો હોય તો સ્ટિયરિંગ પર ગુસ્સો. રોટલી બનાવતા હોય તો વેલણ પર ગુસ્સો કાઢે. વાસણ ઘસતા હોય તોય ખબર પડે ગુસ્સામાં છે. વૃત્તિ આખા અસ્તિત્વમાં ભળી જાય છે માટે નિજાનંદમાંથી ચ્યુત થઈ જાય છે.

પહેલાં રોગ માટે શારીરિક લક્ષણો પર વધારે ધ્યાન આપવામાં આવતું હતું, પણ હવે માનસિક લક્ષણો જોવા પડે છે. અલગ અલગ પ્રકારની ચિંતાથી અલગ અલગ રોગ થાય છે. વૃત્તિ સાથે તાદાત્મયતા છે એ બધી સમસ્યાનું મૂળ છે. હારના વિચારમાં ગળાડૂબ રહેતી વ્યક્તિ ક્યારેય જીતી શકે નહીં. એ વ્યક્તિ ક્યારેય સફળ ન થાય. સમ રહે તો જ જીવી શકે.

**અવિદ્યા ક્ષેત્રમુત્તરેષાં પ્રસુપ્તતનુવિચ્છિન્નોદારાણામ્‌।**

બધાં દુઃખોનું મૂળ અવિદ્યા છે. હાઈ બી.પી.નું કારણ ચિંતા, ખાવાપીવાની ટેવ, રાગ-દ્વેષ મૂળમાં છે. અવિદ્યા તેના મૂળમાં છે. બીમારી તો અંતમાં પ્રગટ થાય છે.

મહર્ષિ યોગ બતાવે છે.

**દ્રષ્ટદૃશ્યયોઃ સંયોગો હેયહેતુઃ।**

અવિદ્યાનો નાશ થઈ જાય તો જ્ઞાનની અવસ્થા પ્રાપ્ત થાય. મહર્ષિ પતંજલિનો યોગ અષ્ટાંગયોગ માટે પ્રસિદ્ધ છે. એકસાથે દરેક ક્ષેત્રમાં કામ કરે છે. ખેતી કરવી હોય તો ખાતર, પાણી માટી, બિયારણ બધું જોઈએ. આપણી સાથે પણ જગત, શરીર, પ્રાણ, મન, ઈન્દ્રિયો જોડાયેલાં છે. બધાં એકબીજા સાથે સંકળાયેલાં છે. મહર્ષિ એકસાથે બધી ચિકિત્સા કરે છે. મહર્ષિ અષ્ટાંગ યોગ આપે છે, જેનાથી બધી અશુદ્ધિનો નાશ થાય છે.

૧. યમ ૨. નિયમ ૩. આસન ૪. પ્રાણાયામ ૪. પ્રત્યાહાર ૬. ધારણા ૭. ધ્યાન ૮. સમાધિ

યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય

અને અપરિગ્રહ. નિયમ પણ પાંચ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન.

સત્યમાં હિંસા હોઈ શકે. બીજાની પીડા પ્રત્યે મારામાં કેટલી સભાનતા છે, તે અહિંસા છે.

જપમાંય હિંસા હોઈ શકે, પૂજામાંય હિંસા હોય. કોઈ સૂતો હોય એ ના ગમે તો મોટે મોટેથી ઘંટડી વગાડશે. ભગવાનમાં મન ઓછું હોય. ગાડી ગમે ત્યાં પાર્ક કરી દેશે, બીજાને તકલીફ થશે એવું ન વિચારે. બીજાના સુખે સુખી થવું.

ઈશ્વર પ્રાણિધાનમાં સમાપ્તિ છે.

જૂઠું બોલવા આપણે એવા ટેવાઈ ગયા છીએ કે સહજતાથી બોલીએ છીએ. નાની નાની વાતોમાં જૂઠનું પ્રયોજન કરીએ છીએ તો હું શાશ્વત ચેતના છું, એ સત્યને ક્યારે હું પચાવી શકીશ? આવા મોટા સત્યને કઈ રીતે પચાવીશું?

ઈશ્વર પ્રણિધાન – બધું જ ઈશ્વર પ્રણિધાનથી થઈ જશે. હું ઈશ્વરમાં વિલીન છું, મારું કશું જ નથી. આવું ઈશ્વર પ્રત્યેનું સમર્પણ આવે તો કશું જ કરવાનું નથી.

સ્વામી વિવેકાનંદ રાજસ્થાન જઈ રહ્યા હતા. સામેની સીટ પર એક મારવાડી બેઠો હતો. તેને પૂર્વજન્મના કારણથી સ્વામીજી ઉપર ખૂબ દ્વેષ હતો. સ્વામીજી સુંદર હતા. ગરમીનો સમય હતો. મારવાડી વેચાતું પાણી લઈ સ્વામીજીને ખીજવે. એક સ્ટેશન પર સ્વામીજી ઊતર્યા. મારવાડી પણ ઊતર્યો. પૂરી-શાક લઈ સ્વામીજીને બતાવે અને ખાય. એટલામાં એક ભાઈ દોડતા આવી જગ્યા સાફ કરી સ્વામીજીને બેસાડ્યા. ભોજન આપ્યું. સ્વામીજીએ પૂછ્યું, ''તમને કેવી રીતે ખબર પડી કે હું અહીં છું? એ વ્યક્તિએ કહ્યું, ''મારે પાનનો ગલ્લો છે. ઝબકી આવી એમાં ભગવાન રામનાં દર્શન થયાં. એમણે કહ્યું મારો ભક્ત આવી રહ્યો છે, તે ભૂખ્યો - તરસ્યો છે એટલે હું દોડતો આવ્યો.''

શરણાગતિ હોય તો કોઈ પણ સિદ્ધિ મળી શકે છે.

યોગનું ત્રીજું પગથિયું છે -આસન

**સ્થિર સુખમ્ આસનમ્।**

કોઈ પણ આસનમાં સ્થિરતાપૂર્વક બેસવું. શાસ્ત્રીય આસનોમાં વધારે સમય સુધી રહીએ તો જબરદસ્ત લાભ મળે. ભયંકર બીમારીઓ જતી રહે. નાચો- કૂદો પણ એટલી શક્તિ ટકાવી રાખજો કે થોડીવાર ધ્યાનમાં બેસી શકો, નહીં તો સૂઈ જશો.

ચોથું પગથિયું છે-પ્રાણાયામ-સહજ પ્રાણાયામ. શ્વાસ-પ્રશ્વાસનું વિજ્ઞાન છે. જો લાંબા સમય સુધી બેસીશું તો શક્તિનો વપરાશ ઓછો થઈ જશે, પછી ચતુર્થ પ્રાણાયામ છે. ભાવનો અતિરેક થઈ જાય, શ્વાસ આપોઆપ રોકાઈ જાય એ ચતુર્થ પ્રાણાયામ છે.

પહેલાં પ્રાણાયામ કરી, પછી પૂજા કરવાની હોય છે. પ્રાણની શુદ્ધિ થાય એટલે ઇન્દ્રિયો એની મેળે વિલીન થવા લાગે એટલે એની મેળે પ્રત્યાહાર થાય. પછી સાધના શરૂ થઈ જાય. ધારણા, ધ્યાન અને સમાધિ.

સમાધિ ધ્યાનની પરાકાષ્ઠા છે, જ્યાં દ્રષ્ટા સિવાય કશું નથી. જીવનની પૂર્ણતા આવશે પછી પામવા જેવું કશું રહેતું નથી. કૃતકૃત્યતા આવશે, પૂર્ણતા આવશે.

મહર્ષિ પતંજલિ પૂરું માર્ગદર્શન આપે છે.

મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષા

તમને જે અનુકૂળ હોય તે રીતે ધ્યાન કરો. તમારું ચિત્ત શાંત થવું જોઈએ.

આપણે ગમે ત્યાંથી શરૂ કરીએ, અહીં (સમાધિ) પહોંચવાનું છે.

આજના દિવસે ભગવાન શિવને, ગુરુદેવને સ્વામીજીના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું છું.

**હરિઃૐ તત્ સત્।**

# ગુરુમહિમા

## (તા. ૨-૫-૨૦૧૪ના રોજ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રાગટ્ય દિવસની પૂર્વ સંધ્યાએ ભક્તોએ સ્વામીજી પ્રત્યે વ્યક્ત કરેલા હૃદયના ભાવ

**શ્રી શૈશવ શાહ, કેમીકલ એન્જિનિયર**

મારા પિતા મને હંમેશાં કહેતા કે યોગ્ય ગુરુનો આશ્રય લે. હું હંમેશાં જવાબ આપતો કે, ''હું વ્યક્તિપૂજામાં માનતો નથી'' પરંતુ મારા વિચારો બદલ્યા, શ્રી શ્રી શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે.

બે વર્ષ પહેલાં હું શિવાનંદ આશ્રમમાં યોગશિક્ષક તાલીમ શિબિરમાં જોડાયો અને શિબિરનો પહેલો દિવસ જ મારા જીવનના transformationનો દિવસ હતો. પૂ. સ્વામીજીના તેજસ્વી વ્યક્તિત્વ, નિખાલસતા, સત્યતા, તેમની આભા, ગમ્મત સાથે જ્ઞાન આપવાની પધ્ધતિથી તેમણે મારા જીવનમાં, મારા હૃદયમાં ગુરુનું સ્થાન પ્રાપ્ત કરી લીધું અને હું જે material life જીવતો હતો તે આશ્રમની પવિત્ર દિવ્ય ભૂમિ અને સ્વામીજીના ઓરા હેઠળ આજે મારું આખું જીવન બદલાઈ ગયું છે.

**ડૉ. શ્રીમતી રેણુ શ્રીવાસ્તવ, ગાયનેકોલોજીસ્ટ**

આપણે ભાગ્યશાળી છીએ કે સ્વામીજી જેવા ગુરુ આપણને મળ્યા છે, મને સ્વામીજીના સંપર્કમાં આવ્યાને ૨૭ વર્ષ થઈ ગયાં. મારા પતિ ડૉ. અનિલ શ્રીવાસ્તવ યોગના માધ્યમથી સ્વામીજીના સંપર્કમાં આવ્યા હતા. આપણા સારા પ્રારબ્ધથી જ આપણને સ્વામીજી જેવા ગુરુ મળે છે. સ્વામીજીના આશીર્વાદથી અમારું જીવન સુખમય પસાર થઈ રહ્યું છે.

**ડૉ. શ્રીમતી અર્ચના કશ્યપ**

સ્વામીજી અમારા માત્ર માર્ગદર્શક જ નહીં, અમારા પરમમિત્ર છે, જે હંમેશા અમને માર્ગદર્શન આપે છે. ૧૫ વર્ષ પહેલાં અમારો સ્વામીજી સાથે, સંપર્ક થયો. એ સમયે કોઈ કારણસર મારું M.D. છૂટી ગયું હતું. સ્વામીજીએ મને Motivate કરી અને મને મારા વૃદ્ધ માતાપિતાની સેવા કરવાનો આદેશ કર્યો કે તમે એમના આશીર્વાદથી M.D. જરૂર કરી શકશો. એ પછી મને લખનૌમાં જ તક મળી. મેં નિશ્ચય કર્યો છે કે ભવિષ્યમાં ક્યારેય હું સેવાના પથ પરથી વિચલિત થઈશ નહીં. પૂ. સ્વામીજી પ્રત્યે મારા ભાવ વ્યક્ત કરતાં કહું છું

**પિતૃ માતા સહાયક સ્વામી સખા,**
**તુમ હી એક નાથ હમારે હો ।**
**ઈસ જીવનકે તુમ જીવન હો,**
**ઈન પ્રાણનકે તુમ પ્યારે હો ॥**

**શ્રીમતી રૂપા મજમુદાર**

જેમની ઊપસ્થિતિ માત્રથી મનુષ્ય ચૈતન્યની એક નવી અવસ્થા પ્રાપ્ત કરે છે, જ્ઞાન, ભક્તિ અને કર્મ દ્વારા જેમણે પૂર્ણતાની સ્થિતિ પ્રાપ્ત કરી છે, તેવી જ સ્થિતિ ભક્તોને આપવા સમર્થ, અત્યંત સરળ, સહજ, સાલસ અને આપણા સૌના વ્હાલા પ. પૂ. સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજને પ્રણામ.

અમારા આખા પરિવારે તા. ૩-૩-૧૯૯૯ના રોજ સ્વામીજી પાસેથી મંત્રદીક્ષા ગ્રહણ કર્યા પછી અમે ઉત્તરોત્તર અમારા જીવનમાં ખૂબ જ સુખદ અનુભવો, દિવ્ય અનુભૂતિ અને શુભ પરિવર્તન અનુભવી રહ્યા છીએ. અમે એ પણ અનુભવ્યું કે સ્વામીજી માત્ર આપણી ચેતનાને જાગૃત કરે છે એટલું જ નહીં પરંતુ આપણી જાગૃતિને અર્થપૂર્ણ કાર્યમાં ઉપયોગ કરવાની પ્રેરણા પૂરી પાડે છે.

સ્વામીજી અલૌકિક શક્તિનો સ્રોત છે. તે પ્રાપ્ત કરવા માટે જરૂર છે - આપણા નાના અહંને દૂર કરીએ, દિવ્ય જીવન જીવીએ. સ્વામીજી એક દિવ્ય હસ્તી છે, એમની કૃપા પ્રાપ્ત કરવા માટે જરૂર છે; માત્ર દૃઢ શ્રદ્ધા અને સમર્પણની.

# નિત્ય સ્વાધ્યાય

- શ્રી સ્વામી ચિદાનંદજી

## પરમપ્રિય દિવ્ય હસ્તી !

સમસ્ત દૃશ્ય જગતને સાકારતાં પ્રત્યેક પળે બદલાતાં તથા નાશ પામતાં નામરૂપોની પાછળ સૌને આવરી લેતી સદા-સ્થિત એવી કોઈ હસ્તી હોય તો તે તું એકમાત્ર છે.! તું સર્વત્ર છે. - ભીતર અને બહાર! તું આંખોની પણ આંખ છે. કાનોનો પણ કાન, અંતરનું પણ અંતર, હૃદયનું પણ હૃદય, અમારા પ્રાણનો પણ પ્રાણ અને અમારા આત્માનો પણ અંતરાત્મા માત્ર તું જ છે. અમારા અંતરતરમાં આત્મરૂપ બનીને બિરાજમાન ઓ શાશ્વત પ્રભુ અમને આશીર્વાદ આપ કે અમે તારી હસ્તીનો અનુભવ પામીએ, સંસ્પર્શ ઝીલીએ.

તારી પાસે અમારી આટલી જ યાચના છે કે - 'અમે જે બોલીએ-ચાલીએ કે જીવીએ તે સઘળું કેવળ તારી અને તારી જ ઝળહળતી પુનિત દિવ્ય સત્તાને પ્રતાપે છે અને તારામાં જ અમારું જીવન-સર્વસ્વ સમાયેલું છે. આ હકીકતનું ભાન અમે કદી ન ગુમાવીએ. સમસ્ત વિશ્વમાં શાંતિ પ્રસરો. માણસ-માણસ વચ્ચે, જાતિ-જાતિ અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સુમેળ અને એકતા જળવાઈ રહો. પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એમ ચારેય દિશામાં વિશ્વશાંતિ પ્રવર્તો. આજના દિવસને તારાં ચરણોમાં નિવેદિત કરવા માટે સુયોગ્ય અને સુપાત્ર બનાવી શકીએ તે માટેનું જરૂરી માર્ગદર્શન આપજે. આજનો દિવસ ઉમદા સત્કાર્યો વડે, ઉદાત્ત ભાવનાઓ તથા સમ્યક્ સમજણ અને સદ્‌ભાવના તથા શુદ્ધ વિચારોપૂર્વક જીવડાવજે.

પ્યારા પૂજ્ય ગુરુદેવ! આ મંગળમય સુપ્રભાતે ફરી એક વાર અમને સૌને તમારી આધ્યાત્મિક સંનિધિમાં એકત્ર થવાની તક આપી છે એ સૌ બાળુડાં આશ્રમના આ સમાધિખંડમાં ઉપસ્થિત છે, તેમને આશીર્વાદ આપો. ઘોર અંધકારમાંથી બહાર નીકળી પ્રકાશ પામવા તેમનાં નયન ખૂલી જાય તેવા આશીર્વાદ તેમના પર વરસાવો! એમનું ઘોર અજ્ઞાન મિટાવી દિવ્ય દૃષ્ટિ આપવા કૃપા કરો, ગુરુદેવ!

નવું ચૈત્રથી શરૂ થતું વર્ષ અખંડિત ઉપાસના, સ્તવન અને પ્રાર્થનાપૂર્વક પ્રારંભાય તેવી આશિષ આપો! આવનારું આખું વર્ષ સાધના, પ્રાર્થના અને ધર્મગ્રંથોના સ્વાધ્યાયમાં વીતે તેવું કરી આપો કે જેથી અમારા જીવનપંથ ઉજાળવા જરૂરી માર્ગદર્શન અમને મળી જાય અને આગળ ઉપરના ભવિષ્યનું પણ સર્વતોમુખી કલ્યાણ-પ્રાપ્તિ માટેનું ભાથું મળી જાય.

તારી દિવ્ય પૂર્ણતા, પરમ પ્રકાશ અને પરમ મુક્તિ પામવાની દિશામાં અમારું આખું વર્ષ એક સોપાન બની જાય તેવું જીવન ગાળવાનું માર્ગદર્શન અમને મળી જાય તેવી કૃપા વરસાવ, મારા નાથ!

☐ 'નિત્ય સ્વાધ્યાય'માંથી સાભાર

# વૃત્તાંત

● ૧-૫-૨૦૧૪ અમદાવાદ, પહેલી મે એટલે 'લેબર ડે' અને ગુજરાત દિવસ પણ ખરો. શ્રી અજય યાજ્ઞિકજી દ્વારા પ્રારંભિત શ્રી સુંદરકાંડનો આજે ચતુર્થ દિવસ. ખીચોખીચ ભરેલ ભક્ત સમુદાયના હર્ષ ઉલ્લાસ સાથે આજે સાંજે આ ચાર દિવસથી ચાલતા સંગીતમય સુંદરકાંડનું સમાપન થયું. દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના કાર્યકારી પ્રમુખ શ્રી પ્રવીણભાઇ પટેલ દ્વારા શ્રી અજય યાજ્ઞિકજી (દિલ્હી) તથા તેમના સહાયક સર્વે વાદ્યકારો અને ગાયકોનું સન્માન કરવામાં આવ્યું. રાત્રે પ્રસાદ પછી સૌએ વિદાય લીધી.

● ૨-૫-૨૦૧૪ અમદાવાદથી દિલ્હી જતાં પૂર્વે શ્રી અજય યાજ્ઞિકજી દ્વારા સવારે ૫.૩૦થી ૬.૪૫ સુધી આજે પાંચમા દિવસે મંગળ પ્રભાતે ફરીથી આશ્રમ પ્રાંગણ શ્રી સુંદરકાંડ પારાયણના પવિત્ર ગાયનથી મુખરિત થયું.

સાંજની સભા ૬.૩૦ વાગ્યે ગુરુવંદનાથી પ્રારંભ થઇ. આ સભામાં યોગાચાર્યશ્રી શૈશવ શાહ, લખનૌનાં સુપ્રસિદ્ધ ગાયનેકોલોજિસ્ટ ડૉ. રેણુ શ્રીવાસ્તવજી, લખનૌની કિંગ જ્યોર્જ મેડિકલ કોલેજનાં રીડર ડૉ. અર્ચના કશ્યપ તથા શ્રીમતી રૂપા મજમુદારે ગુરુમહિમા વિષયક ઉદ્‌બોધન કર્યાં. કું સંગીતા થવાણીએ ગુરુભક્તિપદનું ગાયન કર્યું.

રાત્રે આઠથી નવ વાગ્યા સુધી આદરણીય શ્રી રાજીવભાઇ શાહની સ્મૃતિમાં પ્રાર્થનાસભા-શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું. રૂંધાયેલા કંઠે આશ્રમવાસીઓએ દિવંગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી તથા પોતપોતાના હૃદયના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી, શ્રી વીરેન્દ્રદાસજી, શ્રી હસમુખભાઇ પંચોલી (મામા), શ્રીમતી પૂનમ માતાજી, શ્રીમતી રૂપાબહેન મજમુદાર, ઉપરાંત આશ્રમના મંદિરના પ્રમુખ પૂજારી શ્રી વિક્રમ ઠાકુરજી અને રસોડામાંથી રસોઇયા શ્રી ધર્મેશકુમાર પણ ગળગળા થઇ ગયા. આ પ્રસંગે આશ્રમના વિશાળ ભક્ત સમુદાય ઉપરાંત શ્રી રાજીવભાઇ શાહનાં સર્વે આપ્તજનો, જેમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી શિલ્પાબેન, બંને પુત્રો ચિ. કથન અને ચિ. કંદર્પ પણ ઉપસ્થિત રહ્યાં. સાંજે શાંતિપ્રાર્થના અને પ્રસાદ પછી સૌ વિખરાયાં.

● ૩-૫-૨૦૧૪ આજે પૂજ્યપાદ શ્રીમત્‌ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો ૭૦મો પ્રાગટ્યોત્સવ. બ્રાહ્મમૂહૂર્તમાં સવારે ૫.૩૦ વાગ્યે જય ગણેશ પ્રાર્થના, ગુરુસ્તોત્ર, શાંતિમંત્રો પછી બંસીવાદન થયું. તે દરમ્યાન પૂજ્ય સ્વામીજીએ સૌને ધ્યાન માટે માર્ગદર્શન આપ્યું. યોગપ્રેમી વિશાળ સમુદાયે પૂજ્ય સ્વામીજીનું અભિવાદન કર્યું. તેમના વરદહસ્તે પ્રસાદગ્રહણ કરી કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.

સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી પહેલાં શ્રી ગુરુદેવની પાદુકાઓનું ષોડષોપચાર પૂજન થયું. ત્યારબાદ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની પણ પાદપૂજા કરવામાં આવી. ત્યારબાદ શંખનાદ અને ઘંટારવ, ઉપરાંત વેદપાઠ સાથે સૌ ભક્તમંડળ પૂજ્ય સ્વામીજીને શ્રી વિશ્વનાથ મંદિરે દોરી ગયું. ત્યાં ષોડષોપચાર પૂજા બાદ સૌએ શ્રી દુઃખભંજન હનુમાનજીનાં દર્શન બાદ શ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવન-આદિશક્તિપીઠ ખાતે આયુષ્ય હોમ કર્યો. મધ્યાહ્‌ને ૩૦૦થી વધુ દરિદ્રનારાયણોને શ્રીખંડ-પુરીનું ભોજન પીરસવામાં આવ્યું.

સાંજે શ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવનમાં પંડિત નીરજચંદ્ર પરીખ દ્વારા શ્રી શક્તિ આરાધના સ્વરૂપે દેવીસ્તોત્રોનું શાસ્ત્રીય રાગો પર આધારિત ખૂબ જ અભૂતપૂર્વ અને દિવ્યગાન થયું. તેમણે શ્રી મહાલક્ષ્મી, શ્રી મહાકાલી, શ્રી મહાસરસ્વતી અને શ્રીશ્રી અષ્ટલક્ષ્મી માતાજીની સંગીતસભર આરાધના કરી, આ પ્રસંગે જૂના અખાડાના મહામંડળેશ્વર શ્રીમત્‌ સ્વામી વિશ્વંભરભારતી બાપુ (જૂનાગઢ), નાથ સંપ્રદાયના શ્રી ગુલાબનાથજી મહારાજ અને અન્ય વરિષ્ઠ સંતોએ પૂજ્ય સ્વામીજીને આશિષ ઉપરાંત અભિનંદન આપ્યા.

સુપ્રસિદ્ધ વાઘબકરીના અધ્યક્ષ અને શિવાનંદ આશ્રમના શુભેચ્છક શ્રી પીયૂષભાઇ દેસાઇ તથા પ્રિન્ટ

વિઝનના આદરણીય શ્રી યજ્ઞેશભાઇ પંડ્યાએ એક ખૂબ જ સુંદર ફૂલોથી બનાવવામાં આવેલ ચાર ફુટ ઊંચા ''ૐ''થી પંડિત શ્રી નીરજચંદ્ર પરીખનું અભિવાદન તથા ધન્યવાદ કર્યા.

પૂર્ણાહુતિની પ્રાર્થના બાદ સૌએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો.

ફરીથી આશ્રમના પ્રાંગણમાં બેસીને સૌએ મૃત્યુંજય મંત્રનો જપ રાત્રે પોણા બાર વાગ્યા સુધી કર્યો. પોણા બારથી સવા બાર સુધી મહાનિશા ધ્યાન થયું. પૂર્ણાહુતિની પ્રાર્થના અને વિશ્વશાંતિ માટે અભ્યર્થના સાથે મંગળ આરતી અને પ્રસાદ વિતરણ સાથે રાત્રે એક વાગ્યે સૌએ આધ્યાત્મિક આનંદ વાગોળતાં વિદાય લીધી.

● ૪-૫-૨૦૧૪ અંબાજી ખેડબ્રહ્મા (રામનગર કંપો)

શિવાનંદ આશ્રમના આ વર્ષના વાર્ષિકોત્સવમાં લખનઉ, ગયા, કોડરમા, ઝુમરી તીલૈયા, દિલ્હી, મુંબઇ અને સમગ્ર ગુજરાતમાંથી ભક્તોનું આગમન થયેલું. જેમાંના ૪૦ ભક્તોની મંડળી એક બસ અને બે કાર લઇને પહેલાં શ્રી શ્રી અંબાજીનાં દર્શને ગઇ. ત્યારબાદ ગબ્બરના પહાડોમાં ચુંદડીવાળાં માતાજીનાં દર્શન પછી સૌ રામનગર કંપે આવ્યાં. ત્યાં સત્સંગ અને ભોજન પ્રસાદ પછી બપોર ઢળતા સુધી અમદાવાદ સૌ પાછાં ફરી આવ્યાં

● ૫-૫-૨૦૧૪, દિલ્હી. આજે સવારની વહેલી ફ્લાઇટમાં પૂજ્ય સ્વામીજી દિલ્હી પધારતાં એરપોર્ટથી સીધા જ યમુના પાર આનંદવિહાર ખાતે શ્રી સંદીપ ગોસ્વામીજીને ત્યાં પધાર્યા. શ્રી સંદીપ ગોસ્વામીજી ધી ડિવાઇન લાઇફ સોસાયટી શિવાનંદનગરના પ્રન્યાસી (ટ્રસ્ટી) છે. તેમનાં માતાનું સ્વાસ્થ્ય નાદુરસ્ત રહે છે; પરંતુ તે સમગ્ર પરિવાર પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ પ્રત્યે દૃઢ શ્રદ્ધા અને ભક્તિ ધરાવે છે તેમ તેમનાં આમંત્રણે પૂજ્ય સ્વામીજીએ આનંદવિહાર ખાતે શ્રી સંદીપ ગોસ્વામીજીને ત્યાં સત્સંગ પ્રાર્થના બાદ અલ્પાહાર કર્યા પછી વિદાય લીધી.

બપોરે દ્વારકા ખાતે શ્રીમતી અનીતા શ્રીવાસ્તવ અને રજનીશ કશ્યપને ત્યાં સત્સંગ થયો.

● ૬-૫-૨૦૧૪, યમુનાનગર. વહેલી સવારે પ્રયાણ કરીને દિલ્હીથી પૂજ્ય સ્વામીજી મધ્યાહ્ને યમુનાનગર પધાર્યા. સાંજે શ્રી સુરેન્દ્ર વાસુદેવ અને શ્રી રાજીવ વાસુદેવના નિવાસસ્થાને સત્સંગ થયો. ભક્તોની ઇચ્છાને માન આપી સ્વામીજીએ પધરામણી કરી સૌને આશીર્દાન કર્યાં. રાત્રે જાહેર સત્સંગ ખૂબ જ ધામધૂમથી સંપન્ન થયો.

● ૮-૫-૨૦૧૪, કરનાલ. યમુનાનગરથી દિલ્હીના માર્ગે પૂજ્ય સ્વામીજી કરનાલ ખાતે શ્રીમત્ અમરીકસિંહજીનાં દર્શને શ્રી નિર્મલધામ ગુરુદ્વારા ગયા. ત્યાંના સત્સંગ ઉપરાંત કરનાલના સુપ્રસિદ્ધ કર્ણયોગ સંસ્થાના મહાસચિવ શ્રી વિનયકોહલીના નિવાસસ્થાને સત્સંગ થયો. મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૂજ્ય સ્વામીજી દિલ્હી જવા રવાના થયા.

દિલ્હી એરપોર્ટ જતાં ફરીથી દ્વારકા ખાતે આદરણીય શ્રી ભારતીય યોગ સંસ્થાનના વરિષ્ઠ શ્રી ભારતીજીનાં દર્શને પૂજ્ય સ્વામીજી પધાર્યા, સંત સમાગમ પછી સાંજની ફ્લાઇટમાં પૂજ્ય સ્વામીજી અમદાવાદ આવી પહોંચ્યા.

● ૧૦-૫-૨૦૧૪ થી ૩૦-૫-૨૦૧૪ અમદાવાદ

૩૨મો આવાસીય યોગશિક્ષક તાલીમનો મંગળ પ્રારંભ તા. ૧૦-૫-૨૦૧૪ ને શનિવારની સંધ્યાએ થયો. એથેન્સ, ગ્રીસ, જોધપુર રાજસ્થાન, દિલ્હી, બેંગલોર, મુંબઇ અને ગુજરાતના કુલ ૨૧ પ્રશિક્ષાર્થીઓ આ સત્રમાં જોડાયા. આસન, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, ધ્યાન, ગીતા, પાતંજલ યોગસૂત્રો ઉપરાંત આયુર્વેદ, શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, યોગ-તત્ત્વદર્શન તથા રેઇકી ડિગ્રી એક-બેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. બધા વિષયોની લેખિત અને યોગાસન પ્રાણાયામની પ્રાયોગિક તથા મૌખિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ સર્વે યોગમુમુક્ષુઓને ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર આપવામાં આવેલ.

હવે પછીનો ૩૩મો આવાસીય યોગશિક્ષણ પ્રશિક્ષણ શિબિર ડિસેમ્બરની ૧૦ તારીખથી ૩૦ ડિસેમ્બર, ૨૦૧૪ સુધી આયોજવામાં આવશે.

● ૧૬-૫-૨૦૧૪, ગાંધીનગર. આજરોજ રાષ્ટ્રીય ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં ગુજરાત રાજ્યના લોકલાડીલા નેતા નરેન્દ્રભાઇ અને ભાજપનો સર્વત્ર વિજય ઘોષિત થતાં શિવાનંદ આશ્રમનું એક શિષ્ટમંડળ પૂજ્ય

સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની આગેવાનીમાં ભાજપના કાર્યાલય 'કમલમ્' કોબા, ગાંધીનગર ખાતે ગયું. ગુજરાત રાજ્યનાં ભાવિ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને રાષ્ટ્રના ભાવિ વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું કાશ્મીરી ઝરીદાર શાલ અને રક્તચંદનની માળાઓની વિશાળ માળાથી તેમની કેબિનેટ ઓફીસમાં અભિવાદન કર્યું. આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની સમર્પિત શ્રદ્ધા, વિશ્વાસને સેવાની તત્પરતામાં રાષ્ટ્ર વિશ્વમાં શિરમોર બની રહે તે વિષયક પ્રાર્થના કરી.

● ૨૦-૫-૨૦૧૪ શ્રી શિવાનંદ આશ્રમ, અમદાવાદના સ્થાન દેવતા શ્રીશ્રી વિશ્વનાથ મહાદેવનો ૨૦મો પાટોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. સવારે ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવના ષોડષોપચાર પૂજન અને અર્ચન બાદ મધ્યાહ્નને અભિજાત મુહૂર્તે લઘુરુદ્ર યજ્ઞની પૂર્ણાહુતિનું બીડું પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીનાં વરદ હસ્તે હોમાયું. આ પ્રસંગે દશ દંપતી યજમાનપદે બિરાજ્યાં.

સાંજે મંદિરના અર્ચક શ્રી કમલેશ ઝા મહારાજ દ્વારા મંદિરમાં સુંદર પુષ્પ સુશોભન તથા દિવ્ય ભસ્મ આરતી કરવામાં આવી. રાત્રે ૪૫૦ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો.

આજના પવિત્ર દિવસે દરિદ્રનારાયણ સેવામાં દોઢસો બાળકોને રસ-પૂરી અને સૂકી ભાજીનું મિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું.

● તા. ૨૪-૫-૨૦૧૪ નારદીપુરઃ નારદીપુરના મહારાજના હાર્દિક નિમંત્રણે, શ્રી કામનાથ મહાદેવના મંદિરના પવિત્ર શિલાન્યાસ અર્થે, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ૨૪-૫-૨૦૧૪ ને અપરા એકાદશીના મધ્યાહ્નને અભિજાત મુહૂર્તે નારદીપુર પધાર્યા. ઢોલ ભેરી નગારાં અને શરણાઈવાદન સાથે ગ્રામ્યજનોએ ખૂબ જ ધામધૂમથી પૂજ્ય સ્વામીજી મહારાજ તથા અન્ય સંતો, ભક્તોનું સ્વાગત કર્યું. આ પ્રસંગે બોલતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'મંદિરો હિન્દુ સંસ્કૃતિ અને સંસ્કારને જોડતી શૃંખલા સમાન છે. જ્યાં મન સ્થિર થાય તે મંદિર. મંદિરમાં પ્રવેશતાં આપણને અનુભૂતિ થાય છે કે મારાથી શ્રેષ્ઠ કોઈ છે. મંદિરો આપણા વ્યક્તિગત અહંકારને ગાળે છે. અહંને ઓગાળે છે. મંદિરો આપણી આધ્યાત્મિક આસ્થાનાં સ્રોત છે''.

૨૪-૫-૨૦૧૪ના રોજ શિવાનંદ આશ્રમના શ્રેષ્ઠ યોગશિક્ષકોમાંના એક દંપતી શ્રીમતી સુનીતા અને શ્રી શૈશવ શાહના નિવાસસ્થાને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની પધરામણી સત્સંગ અને પાદપૂજા-કુમકુમ પગલાં પાડીને કરવામાં આવી. સૌને એકાદશીનો મહાપ્રસાદ પણ મળ્યો.

● તા. ૨૫-૫-૨૦૧૪ અમદાવાદ : કરુણા ટ્રસ્ટ સંચાલિત ગોપી અન્નક્ષેત્ર ડાયાલિસિસ સેન્ટરનું મંગળ ઉદ્‌ઘાટન દીપપ્રજ્વલન કરીને શ્રી સ્વામી સત્યમિત્રાનંદગિરિજી, હરિદ્વાર તથા પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ કર્યું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપાલિટી કોર્પોરેશનનાં માનનીય મેયર શ્રીમતી મીનાક્ષીબહેન પટેલ અને અન્ય વરિષ્ઠ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

● ૨૮-૫-૨૦૧૪ નૃત્યભારતીના નિર્દેશક શ્રી ચંદન ઠાકોરના ૪૦મા જન્મોત્સવ નિમિત્તે નૃત્ય ભારતીના અગણિત વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કાર્યક્રમનું પ્રમુખ પદ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે સંભાળ્યું. આ પ્રસંગે બોલતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું, ''આદરણીયા માતૃસ્વરૂપ શ્રીમતી ઈલાબહેન ઠાકોર સાથે મારો પરિચય છેક ૧૯૭૨થી છે. તેઓની સંસ્થા સંસ્કાર, સંસ્કૃતિ અને અનુશાસનની ત્રિવેણીનો સંગમ છે. બાળકોના જીવનઘડતર અને તેમના જીવનને પવિત્ર ચારિત્ર્યનું દિશા સુકાન છેલ્લાં પચાસ વર્ષથી વધુ સમયથી આ સંસ્થા કરી રહી છે. તેઓ માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ ભાવિ ભારતના નાગરિકોના જીવનના ઘડવૈયા છે. શ્રી ચંદન ઠાકોર પણ એક આદર્શ અને નિષ્ઠાવાન નૃત્યગુરુ છે. અભિનંદન.

● ૩૧-૫-૨૦૧૪, વલસાડ-તીથલ એક ત્રિ-દિવસીય મૌન, ધ્યાન, આત્મચિંતનના શિબિરનું અહીં શાંતિમંદિરમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના નેતૃત્વમાં થયું. જેમાં સંખ્યા ખૂબ જ ઓછી લેવાની હોઈ પચાસ સાધકોને પ્રવેશ આપવામાં આવ્યો.


ખુલી ગયો છે.. 4th ભવ્ય શો-રૂમ.. સુશોભન, સુંદરતાનો સુવર્ણસંદૂક...
હવે જોધપુર ચાર રસ્તા.
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
અમારા પ્રથમ ત્રણ શો-રૂમની જેમ જ જોધપુર ચાર રસ્તા સ્થિત 4th ભવ્ય શો-રૂમ પણ આપની અપેક્ષિત ગુણવત્તા અને અનપેક્ષિત દાગીનાની શ્રેણી સાથે તૈયાર છે.
સુવર્ણકલામાં બીઆઈએસનું ( ) ચિહ્ન ધરાવતા જ ઘરેણાં મળે છે.
જોધપુર ચાર રસ્તાઃ 'વીનસ એમેડીયસ', જોધપુર ચાર રસ્તા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે, સેટેલાઇટ, અમદાવાદ. M: +91 97 1400 1200.
અમદાવાદઃ સી.જી રોડ | રતનપોળ | વડોદરાઃ અલકાપુરી
HETARSH

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



પંડિત નીરજ પરીખ દ્વારા શ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે
માતૃચરણે સંગીતની આરાધના, તા. ૩-૫-૨૦૧૪




નારદીપુર બીલેશ્વરમહાદેવની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે
સંત સમાગમ, તા. ૨૪-૫-૨૦૧૪



કરુણા ટ્રસ્ટ, અમદાવાદ ખાતે ડાયાલિસિસ સેન્ટરના
ઉદ્‌ઘાટન પ્રસંગે સાથે નીતિન પટેલ (મંત્રીશ્રી, સ્વાસ્થ્ય,
તબીબી શિક્ષણ, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય)
અને શ્રીમતી મીનાક્ષીબહેન પટેલ (મેયરશ્રી, અમદાવાદ
મ્યુનિ. કોર્પોરેશન) તા. ૨૫-૫-૨૦૧૪



અમદાવાદ ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનું અભિવાદન
કરતા મહામંડળેશ્વર શ્રી સ્વામી સત્યમિત્રાનંદગિરિજી મહારાજ,
ભારતમાતા મંદિર હરિદ્વાર તા. ૨૫-૫-૨૦૧૪



પૂજ્યપાદ શ્રીમદ્ સ્વામી અમરીકસિંહજી મહારાજ નિર્મલધામ
(કરનાલ) ખાતે ઉષ્માસભર સ્વાગત, તા. ૮-૫-૨૦૧૪



શિવાનંદ આશ્રમ દ્વારા દર મહિનાની ૩, ૮ અને ૨૪મી તારીખે
નારાયણ સેવા (આ મહિનામાં શીખંડ-પૂરી અને રસ-પૂરીનું જમણ થયું)

Printed and Published by **ARUN DEVENDRA OZA** on behalf of **GUJARAT DIVYA JIVAN SANGH** and Printed at **Print Vision Private Limited**, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- **SWAMI ADHYATMANANDAJI**




૩ મે, ૨૦૧૪ની સંધ્યાએ સંતો દ્વારા આશીર્વાદ મહામંડળેશ્વર પૂજ્ય વિશ્વંભરભારતીબાપુ (જૂનાગઢ) અને સંતશ્રી ગુલાબનાથજી મહારાજ (મુંબઈ)

## ગુરુકૃપા

'ગુરુકૃપા' અદ્‌ભુત અને અગમ્ય છે. ગુરુકૃપા સાધકને જીવનનું પરમ લક્ષ્ય સિદ્ધ કરવા - આત્મસાક્ષાત્કાર કરવા - પ્રભુદર્શન કરવા - મોક્ષ આપવા શક્તિમાન બનાવે છે. શિષ્ય અધિકારી હોય કે અનધિકારી હોય, પણ ગુરુ આધ્યાત્મિક માર્ગમાં પ્રચલિત તમામ કાયદાઓને અભરાઈએ ચઢાવીને શિષ્યને પારલૌકિક સુખનો અનુભવ કરાવી શકે છે. આ વિધાનમાં અતિશયોક્તિનો એક છાંટોયે નથી. એ નક્કર અને ચોક્કસ હકીકત છે કે ગુરુ હંમેશાં કૃપાળુ જ હોય છે, પણ ગુરુકૃપા માત્ર વરસાવવાની નથી, માત્ર આપવાની જ નથી, પણ તે લેવાનીયે હોય છે. તે લેવામાં આપણે આપણી જાતને અમર અને દિવ્ય બનાવવાની છે.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision